શેખ કૃત.

ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ વાર્તા રૂપી.

આવૃત્તિ ૧લી.

૧૯૨૦.

ગુજરાતનો સંક્ષિપ્ત ઈતિહાસ

વાર્તારૂપી.

પ્રસિદ્ધ કરનાર

જી. એ. શેખ.

કેટલશેડ, માહીમ-મુંબઈ.

આવૃત્તિ ૧લી   ૨૦૦૦ નકલો.

ઈ૦ સ૦ ૧૯૨૦.

સુરત 'ગુજરાત સ્ટાન્ડર્ડ' પ્રેસમાં ઉત્તમરામ ઉમેદરામ રેશમવાળાએ છાપ્યા, ફ્રેઝર દરિયા મહેલ મ્યુનીસીપાલીટી સામે.

કીંમત આના ચાર.

પ્રસ્તાવના.

નામદાર મુંબઈ સરકારના કેળવણી ખાતા તરફથી ઇ. સ. ૧૯૧૩માં ઉર્દૂ શાળાઓમાં શિક્ષણ આપવા માટે પુસ્તકો તૈયાર કરાવવા માટે એક ખાસ કમીટી નીમવામાં આવી હતી. એ કમીટીની દરખાસ્તથી મરહુમ મી૦ ગુલામમહુંમદ શેખે તે વખતે ઉર્દૂ ભાષામાં ગુજરાતનો ઇતિહાસ લખ્યો હતો. પરંતુ ઇ. સ. ૧૯૧૪માં ભયંકર લડાઈ ચાલી તેને લીધે પુસ્તકો તૈયાર કરાવવાનું કામ વિલંબમાં પડ્યું. ગુજરાતના ઘણા ખરા ઇતિહાસોમાં મુસલમાનોને લગતી હકીકત ઘણી થોડી અને અપૂર્ણ જોવામાં આવે છે. મુસલમાન વિદ્યાર્થીઓને ગુજરાતમાં લાંબા વખત સુધી ચાલેલા મુસલમાની રાજ્યની હકીકત જાણવાની વિશેષ જરૂર છે. આવા ઇતિહાસની ગુજરાત તથા કાઠિયાવાડમાં ખાસ જરૂર છે, માટે આ ટુંકો વાર્તારૂપી ઇતિહાસ ગુજરાતી ભાષામાં લખવામાં આવ્યો છે અને અમે આશા રાખીએ છીએ કે ગુજરાત—કાઠિયાવાડની શાળાઓ માટે લાંબી મુદ્દતથી મુસલમાન વિદ્યાર્થીઓ માટે એક સરળ પરંતુ સંક્ષિપ્ત ઇતિહાસની જે ખોટ જણાતી હતી તે આથી પૂરી પડશે.

તા૦ ૧-૮-૧૯૨૦

જી. એ. શેખ

પ્રકરણ બીજું.

વાર્તા ૨૭. ગુજરાતના જુનાં રાજ્યો.

ઘણાં વર્ષ પહેલાં ગુજરાતમાં યાદવ (જાદવ) નામે રજપૂતોનું રાજ્ય હતું. **યાદવ** વંશમાં અનિરૂદ્ધ રાજા થયો હતો. તે વખતે રાજ્યધાનીનું શહેર **દ્વારકા** હતું. તે પછી તેનો પુત્ર તથા પૌત્ર એક પછી એક ગાદીએ આવ્યા. આ યાદવોને દારૂનું બુરૂં વ્યસન લાગ્યું હતું. એકવાર દારૂના કેફમાં તેઓ માંહે માંહે લડયા. પરિણામ એ આવ્યું કે તે વંશનો જલદીથી અંત આવ્યો. એમના યુદ્ધની જગાને યાદવા સ્થળ કે જાદવા સ્થળ કહે છે.

યાદવ વંશ પછી કેટલેક વર્ષે મગધ દેશના **મૌર્યવંશના** રાજા ચંદ્રગુપ્તનો અમલ ગુજરાતપર થયો. તે પછી તેનો પુત્ર **બિંદુસાર** નામે રાજા થયો. તેના સો પુત્ર હતા જેમાં એક **અશોક** હતો. બાપના મરણ પછી અશોકે પોતાના એક સગા ભાઇ સિવાય બીજા બધા ભાઇઓને એક દહાડામાં મારી નાખી રાજા થયો. ભાઇઓ ઉપર આવી નિર્દયતા વાપરી, તોપણ તેણે ડહાપણ અને નીતિથી રાજ્ય ચલાવ્યું. તેણે પોતાના ધર્મ અને નીતિનાં બોધ વચનો પોતાની પ્રજાના હિત માટે સ્તંભો ઉપર કોતરાવ્યાં હતાં. તેમાંના કેટલાક લેખો હાલ જુનાગઢમાં **ગીરનાર**ની પાસે, પૂર્વમાં ઓઢિયા દેશમાં, કટક પ્રાંતમાં, ઉત્તરમાં કાબુલ પાસે કપુર્દિગિરીપર, ને દક્ષિણમાં મ્હૈસુરમાં જોવામાં આવે છે. ગુજરાત, કોકણ અને માળવા અશોકને તાબે હતા.

આ વખતે ગુજરાતના રાજ્યની રાજ્યધાની **જુનાગઢ** હતી અને રાજાઓ બૌદ્ધ ધર્મ પાળતા હતા.

મૌર્યવંશ પછી થોડા વખત સુધી **બેકટ્રીયન** અને **ગ્રીક** અમલ પણ આ દેશમાં રહ્યો હતો. ત્યાર પછી **ક્ષત્રપવંશ** થયો, પછી **ગુપ્તવંશ** અને આખરે **વલ્લભીવંશ** સ્થપાયો. તે વખત સુધી રાજ્યધાની જુનાગઢમાં હતી. વલ્લભીવંશે તે બદલીને વલ્લભીપુર જે ભાવનગરથી વીસ માઈલ છેટે હતું ત્યાં રાજ્યધાની કરી. હાલ વળાગામની પાસે વલ્લભીપુરનાં ખંડેર જોવામાં આવે છે. આ વંશમાં ૨૪–૨૫ રાજાઓ થયા. છેલ્લા સાત રાજા **શિલાદિત્ય**ના નામથી ઓળખાય છે.

વાર્તા ૩જી કાકુ.

વલ્લભીવંશના છેલા શિલાદિત્યના વખતમાં એક ગરીબ મારવાડી વાણીયો જેનું નામ **કાકુ** હતું, તે વલ્લભીપુરમાં આવીને રહ્યો અને થોડા વખતમાં તે ઘણો પૈસાદાર થયો. તોપણ તે રંક[1] નામે ઓળખાતો. તેની છોકરી પાસે હીરા જડિત સોનાની કાંસકી હતી. તે રાજાની કુંવરીના જોવામાં આવી તેથી તેણે તેના બાપને કહ્યું કે આ કાંસકી મારે માટે મંગાવી આપો. રાજાએ તે કાંસકી વાણીયા પાસેથી માંગી ત્યારે વાણીયાએ ના પાડી. રાજાએ જોરજુલમથી તે કાંસકી ખુંચાવી લીધી. તેથી વાણીઓ ઘણો ક્રોધે ભરાયો અને વેર લેવાને તેણે કોઇ પરદેશી રાજાને ઘણો પૈસો આપીને વલ્લભીપુરનો નાશ કરાવ્યો. ત્યારથી આ વંશનો અંત આવ્યો.

---

(૧) રંક એટલે ગરીબ.

વાર્તા ૪થી ચાવડા[1] વંશ.

વલ્લભીવંશનો નાશ થયા પછી ચાવડા વંશ થયો. આ વંશનો પહેલો રાજા **જયશિખર** થયો. તેની રાજ્યધાની રાધનપુર પાસે **પંચાસર**માં હતી. એક શંકર નામના ભાટે **કલ્યાણી**ના રાજા **ભુવડ**ના દરબારમાં ગુજરાતનાં ઘણાં વખાણ કર્યાં. આ વખાણથી ભુવડ ઘણોજ ખીજવાયો. તેણે પોતાના મુલકની આસપાસનો ઘણો મુલક જીતી લઇ પોતાનું રાજ્ય વધાર્યું હતું. તેથી હવે તેને ગુજરાત જીતવાનું મન થયું. તેણે ઇ. સ. ૬૯૬માં ગુજરાત ઉપર ચઢાઇ કરી. મોટી લડાઇ થઇ તેમાં જયશિખર માર્યો ગયો. તે વખતે તેની રાણી **રૂપસુંદરી**ને ગર્ભ હતો. તેથી તે પોતાના ભાઇ સુરપાળ સાથે જંગલમાં ચાલી ગઇ, અને ભુવડ પોતાના તરફથી એક સરદાર રાખીને પાછો ચાલ્યો ગયો. રૂપસુંદરીને જંગલમાં એક ભીલડીને ત્યાં રાખી સુરપાળ ગીરના ડુંગરોમાં જઇ રહ્યો. રાણીને જંગલમાં દીકરો અવતર્યો અને તે વનમાં જન્મ્યો હતો તેથી તેનું નામ **વનરાજ** પાડયું. કુંવર છ

(૧) ચાવડા વંશની વંશાવળી.

૧	વનરાજ	ઇ. સ.	૭૪૬થી ૮૦૬
૨	યોગરાજ	,,	૮૦૬થી ૮૪૨
૩	ક્ષેમરાજ	,,	૮૪૨થી ૮૬૬
૪	ભુવડ	,,	૮૬૬થી ૮૯૫
૫	વીરસિંહ	,,	૮૯૫થી ૯૨૦
૬	રત્નાદિત્ય	,,	૯૨૦થી ૯૩૫
૭	સામતસિંહ	,,	૯૩૫થી ૯૪૨

આસનો થયો ત્યારે શીલગુણસૂરી નામનો જતિ રાણીને પોતાના અપાસરે તેડી ગયો. જ્યારે વનરાજ બારવટાનાં દુઃખ ખમી શકે તેટલી ઉમરે પહોંચ્યો ત્યારે તે ભુવડના દેશને લૂંટવા અને કનડવા લાગ્યો. ભાગ્યશાળી થવાનો લેખ તેના કર્મમાં લખાયલો હશે, જેથી એક મોટો ખજાનો, ગુજરાતથી કલ્યાણી ભુવડનાં માણસો લઈ જતાં હતાં તે ઉપર હલ્લો કરી, લૂંટી લીધો. આ લૂંટના પૈસાથી તેણે ફોજ એકઠી કરી અને રાજ્ય સ્થાપ્યું. તે નવીન રાજ્યધાની વસાવવા સારૂ જગ્યા શોધવા લાગ્યો. **અણહિલ** નામના **ભરવાડે** વનરાજને વગડામાં રસ્તા અને સંતાવાની જગ્યા બતાવી હતી. તેમજ બીજી મદદ પણ કરી હતી. તેથી તેની યાદગાર કાયમ રાખવા વનરાજે ઇ૦ સ૦ ૭૪૬માં એક શહેર વસાવ્યું તેનુ નામ અણહિલપુર પાડયું. જે પાછળથી પાટણ નામે પ્રખ્યાત થયું છે. ત્યાં વનરાજ પચાસ વર્ષની ઉમરે ગાદીએ બેઠો અને ૬૦ વર્ષ સુધી રાજ કર્યું. વનરાજ ઘણો બહાદુર તથા ઉદાર વૃત્તિનો હતો.

વનરાજ પછી તેનો દીકરો **યોગરાજ** રાજા થયો. તે પણ તેના બાપ જેવો બહાદુર હતો. તેણે પોતાની બહાદુરીથી પોતાના દેશનો વિસ્તાર વધાર્યો. તે તીર ફેંકવામાં ઘણો કુશળ, વિદ્વાન અને ઇન્સાફી પણ હતો. એક વખત તેના દીકરા ક્ષેમરાજે એક પરદેશી મુસાફરનાં વહાણ લૂંટી લીધાં. જ્યારે યોગરાજને તેની ખબર પડી ત્યારે તેને સખત ઠપકો આપ્યો. આ બનાવ ઉપરથી માલમ પડે છે કે યોગરાજ રૈયતનું સારી રીતે રક્ષણ કરતો હતો.

ચાવડાવંશમાં છેલ્લો રાજા **સામતસિંહ** થયો. તે ઘણો જુલમી તથા દારૂડીઓ હતો. તેને કુંવર નહોતો. તેની બહેન લીલાવતીનું એક સોલંકી વંશના સરદાર સાથે લગ્ન થયું હતું. તે એક બાળકને જન્મ આપતી વખતે મરણ પામી. તેથી તેનું પેટ ચીરી જીવતુ બાળક કાઢી લેવામાં આવ્યું હતું. તે વખતે મૂળ નક્ષત્ર હોવાથી તેનું નામ **મૂળરાજ** પાડવામાં આવ્યું. સામતસિંહે તેને પોતાનો પાટવી કુંમાર કરાવ્યો. જ્યારે મૂળરાજ રાજ્ય કરવા લાયક ઉમરે પહોંચ્યો ત્યારે સામતસિંહે દારૂના નિશામાં તેને ગાદી લખી આપી અને નિશો ઉતરી જતાં પોતાના વચનથી ફરી ગયો. તેથી મૂળરાજે રાજ્યગાદીનો દાવો કર્યો અને લશ્કરને લલચાવી એકઠું કરી રાજાને હરાવી મારી નાંખ્યો અને ગાદી પચાવી બેઠો. રાજ્યની અંદર બળવો ન થાય તેટલા માટે તેણે પોતાના મોસાળ પક્ષના બધાં સગાંઓને ઠાર કરાવ્યાં.

વાર્તા ૫ મી સોલંકી[1] વંશ

સોલંકીવંશનો સ્થાપનાર **મૂળરાજ** હતો. તેના વખ-

---

(૧) સોલંકી વંશની વંશાવળીઃ—

૧	મૂળરાજ ૧લો	ઇ૦ સ૦	૯૪૨થી ૯૯૭
૨	ચામુન્ડ	,,	૯૯૭થી ૧૦૧૦
૩	વલ્લભસેન	,,	૧૦૧૦થી ૧૦૧૦
૪	દુલ્લભસેન	,,	૧૦૧૦થી ૧૦૨૨
૫	ભીમદેવ ૧લો	,,	૧૦૨૨થી ૧૦૭૨
૬	કરણ	,,	૧૦૭૨થી ૧૦૯૪
૭	સિદ્ધરાજ	,,	૧૦૯૪થી ૧૧૪૩
૮	કુમારપાળ	,,	૧૧૪૩થી ૧૧૭૪
૯	અજેપાળ	,,	૧૧૭૪થી ૧૧૭૭
૧૦	મૂળરાજ ૨ જો	,,	૧૧૭૭થી ૧૧૭૯
૧૧	ભીમદેવ ૨ જો	,,	૧૧૭૯થી ૧૨૪૨
૧૨	ત્રિભુવન પાળ	,,	૧૨૪૨થી ૧૨૪૪

તમાં **અજમેર** અને **દક્ષિણના** રાજાએ ગુજરાત ઉપર ચઢાઇ કરી. બંને રાજાઓ એકજ વખતે ચઢી આવેલા તેઇ એકજ વખતે બે સામે લડવું મૂળરાજને સલાહ ભરેલું લાગ્યું નહી, તેથી તેણે અજમેરના રાજાને કાંઇ રોકડ આપી પાછો કાઢયો અને દક્ષિણના રાજાની સામે થઇ તેને હરાવ્યો.

મૂળરાજે પોતાના મામા તથા સગાંઓને કતલ કરી રાજ્ય મેળવ્યું હતું તેથી તેને વૃદ્ધાવસ્થામાં પોતાનાં કરેલાં પાપનો ઘણો પસ્તાવો થયો. તેથી તે પાપનાં નિવારણ માટે તેણે દાન આપવા માંડયું. ગુજરાતના પંડિતો તથા બ્રાહ્મણોને દાન આપી ન્યાલ કરી દીધા. તેમજ ઉત્તર હિંદુસ્તામાંથી કેટલાક વિદ્વાન બ્રાહ્મણો બોલાવી ગુજરાતમાં વસાવ્યા, અને તેમને દાનમાં કેટલાંક ગામો જાગીર તરીકે આપ્યાં. સિદ્ધપુરમાં રૂદ્રમાળોએ નામે એક મોટું વિશાળ નકશીદાર દેવમંદીર તેણે ચણાવ્યું. પછી પોતાના દીકરા **ચામુન્ડને** રાજ્ય સોંપી બાકીના દિવસો તેણે તીર્થ જાત્રામાં ગાળ્યા.

ચામુન્ડ પોતાના બાપની માફક પોતાના પાટવીકુંમાર **વલ્લભસેનને** ગાદી સોંપી ઇ૦ સ૦ ૧૦૧૦માં **કાશીની** યાત્રાએ જતો હતો. ત્યાં જતાં રસ્તામાં **માળવાના** રાજાએ તેનું છત્ર તથા બીજાં રાજ્યચિન્હ હરી લેઈ અપમાન કર્યું. તેથી ચામુન્ડે પાછા આવી તે અપમાનની પોતાના દીકરાને વાત કરી તેથી વલ્લભસેને અપમાનનો બદલો લેવા માળવાના રાજા ઉપર ચઢાઇ કરી. પણ રસ્તામાં તેને શીતળા નીકળવાથી તે મરણ પામ્યો. અને લશ્કર ઘણીજ દીલગીરી સાથે ગુજરાતમાં પાછું ફર્યું. ચામુન્ડે પછી પોતાના બીજા

દીકરા **દુર્લભસેન**ને ગાદીએ બેસાડયો, અને પોતે ભરૂચ પાસે નર્મદા નદીને કિનારે **શુકલતીર્થ**માં રહી પોતાના બાકીના દિવસો ઇશ્વરભક્તિમાં પૂરા કર્યા.

દુર્લભસેને અણુહિલવાડ પાસે **દુર્લભ** તળાવ અને કેટલાંક દેવળો બંધાવ્યાં. તેને **નાગરાજ** નામે એક નાનો ભાઇ હતો. બંને ભાઇની રાણીઓ મારવાડના રાજાની કુંવરીઓ હતી. દુર્લભસેનને કુંવર ન હતો, અને નાગરાજની રાણીએ એક કુંવરને જન્મ આપ્યો તેનું નામ **ભીમદેવ** પાડયું. જ્યારે ભીમદેવ ઉમર લાયક થયો ત્યારે દુર્લભસેને તેને ઇ૦ સ૦ ૧૦૨૨માં રાજપાટ સોંપી પોતે તથા પોતાનો નાનો ભાઇ નાગરાજ પોતાના દિવસો ઇશ્વર ભક્તિમાં ગાળવા લાગ્યા.

ભીમદેવના વખતમાં ઇ૦ સ૦ ૧૦૨૪માં ગીઝનીના પ્રખ્યાત **સુલતાન માહમૂદે સોમનાથ** પાટણ ઉપર ચઢાઇ કરી. સુલતાનના આવવાની ખબર સાંભળી, ભીમદેવ બીજા કેટલાક રજપૂત રાજાઓને પોતાની મદદે રાખી, સુલતાનની સામે થયો. આખરે સુલતાનની જીત થઇ નેતે ઘણી દોલત લઇ પોતાને દેશ ચાલ્યો ગયો. ઇ૦ સ૦ ૧૦૭૨માં ભીમદેવ મરણ પામ્યો.

ભીમદેવને ત્રણ દીકરા હતા. તે ઘડપણમાં પોતાનું રાજપાટ મોટા દીકરા **ક્ષેમરાજ**ને સોંપી પોતાના બાકીના દિવસો ભકિતમાં ગાળવા ચાહતો હતો. પણ ક્ષેમરાજે પોતાના બાપની જીંદગીમાં રાજ્યપદ ધારણ કરવા કરતાં બાપની સાથે ભકિતમાં રહેવું વધારે પસંદ કર્યું. તેથી ભીમદેવનો બીજો

દીકરો **કરણ** રાજા થયો. એણે **મોઢેરા** પાસે **કરણસાગર** નામે તળાવ બંધાવ્યું ને તેમાં પાણીની આવક રહે તે સારૂ ખેરાળુના પેલી બાજુના પહાડ ઉપરથી વહેતી રૂપણ નદીનું પાણી વાળ્યું. અમદાવાદ પાસેના આશાવલી નામના ગામમાં એક આશો ભીલ નામે લૂંટારો રહેતો હતો ને તેની પાછળ એક મોટી તીરંદાજ ટોળી તેની મદદમાં રહી પ્રજામાં ત્રાસ વર્તાવતી હતી તેના ઉપર ચઢાઇ કરી કરણે તેને ઠાર માર્યો ને તેની સમૃદ્ધિ લૂંટી જીત થયેલી જગા ઉપર ખોચરદ દેવીનું દેવાલય બંધાવ્યું. વળી તેણે પોતાનું નામ અમર કરવા માટે કર્ણાવતી ગામ વસાવ્યું ને ત્યાં તેણે પોતાની રાજ્ય ગાદી સ્થાપી.

તેના પછી તેનો દીકરો ઇ૦ સ૦ ૧૦૯૪માં **સિધ્ધરાજ** રાજા થયો. તે નાની વયનો હતો તેથી તેની મા **મીનલદેવી** રાજ્ય કારભાર ચલાવતી હતી. તે ઘણી ડાહી અને કુશળ રાણી હતી. તેણે ઘણા લોકોપયોગી મકાનો અને હિંદુ ધર્મના દેવાલયો બંધાવ્યાં હતાં. વીરમગામમાં **મુનસર** અને ધોળકામાં મલાવ તળાવ પણ તેનાજ બંધાવેલાં છે.

વાર્તા ૬ઠી મીનલદેવીનું ઇન્સાફ.

મલાવ તળાવ વિષે દંત કથા ચાલે છે કે મીનલદેવીએ તળાવ માટે જગા પસંદ કરી પણ તે જગાના એક ખુણા ઉપર એક ગુણિકાનું ઝુપડું આવેલું હતું. મીનલદેવીએ એ ઝુપડું વેચાતું લઇ તળાવમાં મેળવી દેવા ઇચ્છા બતાવી. પણ તે બાઇએ તળાવ સાથે પોતાનું પણ નામ રહે એવી ઇચ્છા-

થી પોતાની જગા આપવા ના પાડી. જો મીનલદેવીએ ધાર્યું હોત તો તે જગા જબરાઇથી તે પડાવી શકત. પણ તે દયાળુ અને ન્યાયી રાણીએ એવો જુલમ ન ગુજારતાં તળાવને વાંકું બંધાવ્યું. પણ સ્ત્રીની મરજી વિરૂદ્ધ તેની જગા લઇ લીધી નહીં.

વાર્તા ૭મી મીનલદેવીની રૈયત માટે દાઝ.

એક વખત મીનલદેવી સોમનાથની જાત્રાએ જતી હતી. ધોળકાથી વીસ માઇલ છેટે ભોલાદ ગામ છે ત્યાં સુધી તે આવી. આ જગાએ અણુહિલવાડના રાજાઓ સોમનાથના જાત્રાળુઓ પાસેથી યાત્રાવેરો લેતા હતા. તેથી ગરીબ યાત્રાળુઓને વેરો નહીં આપી શકાયાને લીધે ત્યાંથી નાઉમેદ થઇ પાછું ફરવું પડતું હતું. મીનલદેવીને આ હકીકત જાણી ઘણું લાગી આવ્યું. તેથી ઠેઠ સોમનાથ ન જતાં અધવચથીજ પાછી ફરી અને સિદ્ધરાજને મળી "યાત્રાવેરા બંધ નહીં કરે ત્યાં સુધી ખોરાક નહીં લેવાની પ્રતિજ્ઞા જણાવી." આ યાત્રાવેરાની વાર્ષિક ઉપજ લગભગ ૭૨ લાખ રૂપીઆ જેટલી મોટી થતી હતી છતાં તે નુકસાન ખમી લઇ રાજાએ પોતાની માની ઇચ્છા કબુલ રાખી કહ્યું કે "તમારે બહાને ધર્મનું કામ કરવા સારૂ આ વેરો લેવા બંધ કરૂં છું" આ પછી મીનલદેવી રીઝીને પાછી ફરી સોમનાથની યાત્રાએ ગઇ.

વાર્તા ૮મી રાણકદેવીની વાર્તા.

સિદ્ધરાજની વિવાહિત સ્ત્રીનું નામ રાણકદેવી હતું. તેના વિષે કહેવાય છે કેઃ—જુનાગઢ પાસે મજેવડી નામે ગામમાં એક કુંભારને ઘેર એ રાજકન્યા ઉછરી હતી. જન્મથી તે

ઘણી રૂપાળી અને ખૂબસુરત હતી. તેનો વિવાહ સિધ્ધરાજ સાથે થયો હતો. પરંતુ લગ્ન થવાનું બાકી હતું, તે પહેલાં જુનાગઢનો રાજા રાખેંગાર જોરજુલમથી કુંભાર પાસેથી લઇ જઈ તેને પરણી બેઠો. તેથી સિધ્ધરાજે જુનાગઢ ઉપર ચઢાઇ કરી અને બાર વર્ષ સુધી રાખેંગાર સાથે લડયો. આખરે ખેંગાર હાર્યો અને માર્યો ગયો. પછી સિધ્ધરાજ રાણકદેવી રાણીના મહેલમાં ગયો ને તેને પોતાની રાણી થવાને કહ્યું પણ તેણે માન્યું નહીં. તે વખતે રાણીની પાસે અગીયાર વર્ષનો કુંવર માણેરા અને પાંચ વર્ષનો કુંવર ડગાયચા એમ બંને કુંવર હતા. સિદ્ધરાજે તે વખતે નાના કુંવરને કાપી નાંખ્યો, જેથી મોટો પોતાની માની પાછળ સંતાઇ ગયો, તે વખતે રાણકદેવીએ નીચે પ્રમાણે દુહો કીધોઃ—

માણેરા તું મ રોય, આંખો માકર રાતીઓ,
કુળમાં લાગે કલંક, મરતાં મા ન સંભારીએ.

એટલે હે માણેરા ! તું રડી રડીને આંખો લાલચોળ ન કર, મરતી વેળા માની પાછળ સંતાવું એ કુળમાં કલંક લગાડવું છે.

જ્યારે સિધ્ધરાજે આ પ્રમાણે સાંભળ્યું ત્યારે રાણકદેવીની શરમથી તે વખતે માણેરાને માર્યો નહીં, પરંતુ પાછળથી છુપી રીતે મરાવી નાંખ્યો. છેવટે સિદ્ધરાજ જોર જુલમથી તેને પોતાની સાથે લઇ પાટણ તરફ ચાલ્યો ત્યાં રસ્તામાં વઢવાણ પાસે ભોગાવા નદીને કાંઠે રાણકદેવી સતી થઇ ને સિધ્ધરાજ નિરાશ થઈ પાછો ફર્યો.

સિદ્ધરાજ માળવાના રાજા સાથે ૧૨ વર્ષ સુધી લડયો

હતો. આખરે તેને કેદ કરી પોતાના શહેરમાં લાવ્યો. એણે અણુહિલ્લવાડને બદલે સિદ્ધપુરમાં પોતાની રાજધાની કરી.

સિધ્ધરાજ પ્રસંગે ક્રૂર પણ પરાક્રમી, ઉદાર, શોખીન ને પ્રજાપ્રિય રાજા હતો. ગુજરાતમાં તેણે ઘણાં સારા કારીગરીનાં જળાશયો બંધાવ્યાં તેમજ મૂળરાજના વખતનો બંધાવેલો રૂદ્રમાળ જીર્ણોદ્ધાર કરી દીપાવ્યો.

સિદ્ધરાજનું અસલ નામ જયસિંહ હતું. પરંતુ તે અંધારા પીછોડો ઓઢી લોકોની છુપી વાતોને જાણી લઇ તેવી કેટલીક વાતોને તે જાહેર પાડતો. તેથી લોકોએ તેને **સિદ્ધ** એટલે સાધના વાળો અથવા **સિદ્ધરાજ** એટલે સાધના વાળા મંત્રીનો ઉપરી એવું વિશેષણ તેના નામ આગળ વધાર્યું. ત્યારથી તે લોકોમાં સિદ્ધરાજ જયસિંહ કેહવાયો. સિદ્ધરાજને કુંવર નહોતો. તેથી તેની પછી તેના કાકાના વંશનો **કુમારપાળ** ઇ૦ સ૦ ૧૧૪૩માં રાજા થયો. તેને જૈન સાધુ હેમાચાર્યે ઘણી મદદ કરી. એણે જૈન લોકો માટે ઘણાં દહેરાં બંધાવ્યાં. તે પંડિતોને ઘણી મદદ કરતો હતો. તેને પણ કુંવર નહોતો તેથી તેના મરણ પછી તેનો ભત્રીજો **અજેપાળ** ઇ૦ સ૦ ૧૧૭૪માં રાજા થયો. એ શૈવ ધર્મી હતો તેથી એણે જૈન લોકો પર ઘણો જુલમ કર્યો અને તેમનાં દહેરાં તોડાવી નાંખ્યાં. આખરે આ જુલમનું પરિણામ એ આવ્યું કે વેજલ નામના એક **સીપાઇએ** દગાથી તેની છાતીમાં કટાર ભોંકી મારી નાંખ્યો.

અજેપાળ પછી તેનો દીકરો **મૂળરાજ** રજો ઇ૦ સ૦ ૧૧૭૭માં રાજા થયો. આ રાજા તે વખતે બાળક હોવાથી **બાળમૂળરાજ**ના નામથી ઓળખાય છે. તે સગીર હોવાથી તેની મા નાયકાદેવી અથવા ચકીદેવી રાજ્યકારભાર ચલાવતી હતી. બે વર્ષ પછી તે મરણ પામ્યો. તેથી તેનો કાકો **ભીમદેવ** રજો ઇ૦ સ૦ ૧૧૭૯માં ગાદીએ આવ્યો. તે ઘણો ભોળો અને અવિચારી હતો તેથી તે **ભોળા ભીમદેવ**ના નામથી ઓળખાય છે. એ રાજા ઘણો મગરૂર હતો. તેના વખતમાં શહાબુદ્દીન ગોરીએ ઇ૦ સ૦ ૧૧૮૪માં ગુજરાત ઉપર ચઢાઇ કરી. પણ કાંઇ જરૂરી કામ હોવાથી તે પાછો ચાલ્યો ગયો.

ભીમે કેટલાક રજપૂત રાજાઓ સાથે મળી અજમેર મુસલમાનના તાબામાં હતું તે તેમની પાસેથી લઇ લેવાની સલાહ કરી. બારે તૈયારી કરી તેઓએ અજમેર પર ચઢાઇ કરી. દિલ્હીના સુબા **કુતબુદ્દીન**ને ખબર થતાંજ તેમનો મુકાબલો કરવા દિલ્હીથી અજમેર તરફ આવવા રવાના થયો. મુસલમાનોનો જુસ્સો જોઇ રાજાઓ નાઠા. ભીમદેવને યોગ્ય સજા કરવા કુતબુદ્દીને ગુજરાત પર ચઢાઇ કરી અને આખરે ભીમને હરાવી ગુજરાત જીતી લીધું. ગુજરાતનો હાકેમ મુકરર કરી તે દિલ્હી ચાલ્યો ગયો. પણ થોડા વખત પછી ભીમે ફરીથી ગુજરાતનો કબજો લીધો. ઇ૦ સ૦ ૧૨૪૨માં ભીમદેવ મરી ગયો. તેના પછી **ત્રિભુવનપાળ** રાજા થયો. પણ ધોળકાના રાજા **વિશળદેવ** વાઘેલાએ ઇ૦ સ૦ ૧૨૪૪માં ત્રિભુવનપાળ પાસેથી રાજ્ય લઇ લીધું.

વાર્તા ૯મી વાઘેલા[1] વંશ.

સોલંકી રાજા કુમારપાળે અર્ણોરાજ સોલંકી જે એક તરફથી તેનો પીત્રાઈ અને બીજી તરફથી તેની માસીનો દીકરો થતો હતો તેને વાઘેલ ગામ (જે અણહિલપુરથી ૧૦ માઇલ છેટે હતું) જાગીરમાં આપ્યું હતું. એ ગામના નામ ઉપરથી તેના વંશવાળા વાઘેલા એ જાતથી ઓળખાવા લાગ્યા. સોલંકી રાજા બીજા ભીમદેવે અર્ણોરાજના દીકરા લવણપ્રસાદને પોતાનો પ્રધાન બનાવ્યો હતો. પણ પાછળથી રાજા અને વજીર વચ્ચે અણબનાવ થવાથી લવણપ્રસાદે ધોળકા અને ધંધુકા વગેરે પરગણાં ઉપર કબજો કરી જુદું રાજ્ય સ્થાપ્યું, જે વાઘેલા વંશના નામથી ઓળખાય છે. તેની રાજધાની ધોળકા હતી. લવણપ્રસાદના મરણ પછી તેનો દીકરો **વીરધવળ** ગાદીએ આવ્યો. તેણે ગોધરા અને ખંભાત જીતી પોતાના રાજ્ય સાથે જોડી દીધાં. **વિરમદેવ** અને **વિશળદેવ** નામે તેના બે દીકરા હતા. મોટા દીકરાને બાપ સાથે અણબનાવ થવાથી તેણે વિરમગામ વસાવ્યું અને પોતે તે ગામમાં રહેવા લાગ્યો. વીરધવળ ઘણો ન્યાયી, બહાદુર અને લોકપ્રિય રાજા હતો તેમજ દયાળુ, ક્ષમાવાન ને ધર્મિષ્ઠ પણ હતો. તેની રૈયત અને ચાકરો તેને એટલાં ચાહતાં હતાં કે જ્યારે વિર-

---

(૧) વાઘેલા વંશની વંશાવળી

૧	વિશળદેવ	ઇ૦ સ૦	૧૨૪૪ થી ૧૨૬૨
૨	અર્જુનદેવ	,,	૧૨૬૨—૧૨૭૫
૩	સારંગદેવ	,,	૧૨૭૫—૧૨૯૬
૪	કરણઘેલો	,,	૧૨૯૬—૧૨૯૭

ધવળ મરણ પામ્યો ત્યારે તેના ૧૮૦ ચાકરો તેની સાથે ચિતામાં પડી બળી મુવા હતા. અને બીજાઓ પડવા જતા હતા પણ તેજપાળના લશ્કરે તેમને બળાત્કારે અટકાવ્યા હતા. વીરધવળના મરણ પછી તેના વજીરે વિરમદેવને કતલ કરાવીને વિશળદેવને રાજ્ય અપાવ્યું. વિશળદેવ ઘણો બહાદુર હતો. તેણે પોતાની બહાદુરીથી સોલંકી વંશના રાજા ત્રિભુવનપાળ પાસેથી અણહિલવાડ છીનવી લીધું અને આખા ગુજરાત પ્રાંતને પોતાની સત્તામાં આણ્યો. વાઘેલા વંશનો પહેલો રાજા એનેજ ગણવામાં આવે છે. એણે જુનાં મંદિરો સમરાવ્યાં અને વીસલનગર તથા ડભોઇનો કિલ્લો પણ બંધાવ્યો. તેના પછી તેનો દીકરો **અર્જુનદેવ** રાજા થયો. સોમનાથના ઇ. સ. ૧૨૬૪ ના એક લેખમાં તેના ઘણાં વખાણ લખ્યાં છે. તેના સરદારોમાં કેટલાક મુસલમાન પણ હતા જેમાં નાખુદા નુરૂદ્દીને સારી નામના મેળવી હતી.

અર્જુનદેવ પછી તેનો દીકરો લવણપ્રસાદ ને પછી તેનો દીકરો **સારંગદેવ** રાજા થયો અને તેના પછી કરણદેવ ઇ૦ સ૦ ૧૨૯૬માં રાજા થયો. તે **કરણઘેલા** ના નામથી ઓળખાય છે. કરણના બે પ્રધાનો હતા. એકનું નામ **માધવ** અને બીજાનું નામ **કેશવ** હતું. તે બંને ભાઇઓ ન્યાતે નાગર હતા. માધવની સ્ત્રી ઘણીજ ખૂબસુરત હતી. કરણને તેને પોતાના મહેલમાં આણવાની ઇચ્છા થઇ. એટલા માટે માધવને કોઇ લડાઇમાં ફોજ સાથે મોકલી દીધો, અને તેની સ્ત્રીને પોતાના મહેલમાં બળાત્કારે પકડી આણવા માંડી. તે વખતે કેશવ હથિયાર બાંધી કરણની સામે થયો પણ તે

માર્યો ગયો. ભાભીનો બચાવ કરવામાં કેશવે બહાદુરીથી આવી રીતે નિષ્ફળ પોતાનો પ્રાણ ખોયો.

ભાટ લોકોના કહેવા પ્રમાણે જ્યારે માધવને આ વાતની ખબર પડી ત્યારે રાજાના કરેલા અત્યાચારનું વેર વાળવા માટે તે લડાઇ પરથી બારોબાર દિલ્હી ચાલ્યો ગયો અને ત્યાંના **સુલતાન અલાઉદ્દીન** ને ગુજરાત પર ચઢાઇ કરવા લલચાવ્યો. સુલતાને પોતાના ભાઇ અલફ ખાનને ઇ૦ સ૦ ૧૨૯૭ માં લશ્કર આપી ગુજરાત જીતવા મોકલ્યો. લડાઈ થઇ તેમાં કરણઘેલો હાર્યો અને પાટણ સર કરી મુસલમાનો ગુજરાતના હાકેમ થયા.

પ્રકરણ ૩જું.

વાર્તા ૧૦મી મુસલમાની રાજ્ય. શરૂઆતના સુબાઓ.

દિલ્હીના ખીલજીવંશના વખતમાં ગુજરાતના સાત સુબા થયા. તેમાંથી પહેલો સુબો **અલફખાન** થયો. તેણે ઇ. સ. ૧૨૯૭થી ૧૩૧૬ સુધી ઘણી સારી રીતે રાજ્ય કરી દેશને આબાદ કર્યો તથા રૈયતને સુખી કરી. પાટણમાં તેણે એક સારી જુમા મસજીદ બંધાવી. તેના થાંભલા એવી યુક્તિથી ગોઠવવામાં આવ્યા છે કે તેને ગણતી વખતે ભૂલ થાય છે.

દિલ્હીમાં ખીલજીવંશ પછી **તઘલક** વંશ થયો. તેના વખતમાં અગીયાર સુબા ગુજરાતમાં થયા. તેમાંથી છેલ્લો

સુબો **ઝફરખાન** હતો. તે વજીહુલ્મુલ્કનો દીકરો હતો. જેનું અસલ નામ સહારન હતું. તે ટાંક જાતનો હતો. એ તથા એનો ભાઇ સાધુ ઠાસરા ગામના ધણી હતા. **ફિરોઝશાહ તગલક શાહઝાદો** હતો ત્યારે એક વખત તે શિકાર કરતો કરતો પોતાના સાથીઓથી જુદો પડીને **ઠાસરે** પહોંચ્યો. અને રાતના વખતે સદારનને ત્યાં મુકામ કર્યો. તેની બ્હેન ઘણી ખૂબસુરત હતી. ફિરોઝશાહનું તેની સાથે લગ્ન થયું. જ્યારે તે ઇ૦ સ૦ ૧૩૫૧માં બાદશાહ થયો ત્યારે સહારન તથા તેના ભાઇઓને મોટી જગ્યાઓ આપી. **સહારનને વજીહુલ્મુલ્ક** તથા તેના ભાઇને **સમશેરખાન**ના ખિતાબ આપ્યા. સહારનના દીકરા ઝફરખાને પોતાની હોશિયારીથી ધીમેધીમે ગુજરાતની સુબાગીરી મેળવી. તેણે તેની આગળના સુબાઓના કરતાં ઘણું સારું કામ કર્યું. તેના વખતમાં ઘણોખરો ભાગ મુસલમાનોના હાથમાં હતો. અને દેશમાં શાન્તિ ફેલાઇ હતી.

જ્યારે તગલકવંશનો અંત આવવા લાગ્યો ત્યારે ગુજરાતની આસપાસના મુલકના સુબાઓ સ્વતંત્ર થવા લાગ્યા. ઝફરખાનનો દીકરો **તાતારખાન** પોતાના બાપને સ્વતંત્ર થવા કહેતો હતો પણ એ કામ તેણે પસંદ કર્યું નહીં. આખરે ઝફરખાને પોતાના દીકરાને નાસિરૂદ્દીન **મહંમદશાહ**ના નામથી ઇ૦ સ૦ ૧૪૦૩માં ગાદીએ બેસાડયો અને પોતે રાજયથી દૂર રહ્યો.

પ્રકરણ ૪થું.

ગુજરાતના સ્વતંત્ર સુલતાનો.

ઇ૦ સ૦ ૧૪૦૩થી ઇ૦ સ૦ ૧૫૭૩ સુધી.

વાર્તા ૧૧મી. સુલતાન મહંમદશાહ ૧લો.

ઇ૦ સ૦ ૧૪૦૩થી ૧૪૦૪ સુધી.

તાતારખાન મહંમદશાહ નામ ધારણ કરી ગાદીએ આવ્યો. તાતારખાને બાદશાહ થયા પછી **અસાવલના** કસ્બામાં જઇને રાજ્યાભિષેક કરાવ્યો અને તેજ કસ્બામાં પોતાની રાજ્યધાની મુકરર કરી. રાજપીપળાના નાંદોદ શહેર ઉપર ચઢાઈ કરી ત્યાંના રાજાને તાબે કર્યો. સુલતાન ઇ૦ સ૦ ૧૪૦૪માં મરણ પામ્યો.

વાર્તા ૧૨મી સુલતાન મુઝફ્ફરશાહ ૧ લો.

ઇ૦ સ૦ ૧૪૦૭થી ઇ૦ સ૦ ૧૪૧૦ સુધી.

સુલતાન મહંમદશાહના મરણ પછી અમીરોએ ઝફર-ખાનની તાબેદારી કબુલ કરી પણ તે પોતાના પુત્રનું મરણ થવાથી રાજ્ય ચલાવવાને નાખુશ હતો. એમ છતાં તેના અમીરોએ તેને સુલતાન થવાની ફરજ પાડી તેથી તે પોતાના પુત્રના મરણ પછી ત્રણ વર્ષે **મુઝફ્ફરશાહ** નામ ધારણ કરી ગાદીએ આવ્યો. સુલતાને પોતાના દેશનો એવો સારો બંદોબસ્ત કર્યો કે રૈયત એનાથી ઘણી રાજી થઇ. તેણે માળવા જીત્યું તેમજ કંથકોટના રાજા પાસે ખંડણી લીધી.

એ ઘણો બહાદુર તેમજ કુનેહવાળો હતો. ઇ૦ સ૦ ૧૪૧૦ માં તે મરણ પામ્યો.

વાર્તા ૧૩મી. સુલતાન અહમદશાહ.

ઇ૦ સ૦ ૧૪૧૦થી ઇ૦ સ૦ ૧૪૪૧ સુધી.

મુઝફ્ફરશાહનો પૌત્ર અને તાતારખાન (મહંમદશાહ)નો પુત્ર **અહમદશાહ** ઇ૦ સ૦ ૧૪૧૦માં ગાદીએ આવ્યો.

આ સુલતાને એક સુંદર મોટું શહેર વસાવવાનો ઇરાદો કર્યો, અને પ્રથમથી નકશો બનાવી તે પ્રમાણે એક શહેર ઇ૦ સ૦ ૧૪૧૩માં વસાવ્યું અને તેનું નામ **અહમદાવાદ** (અમદાવાદ) પાડયું. આ જગ્યાની વીરભૂમી માટે એવી દંતકથા ચાલે છે કે:—

એક દિવસ બાદશાહ શિકાર માટે નીકળેલો ત્યાં એક સસલું નીકળ્યું. તેને પકડવા એક શિકારી કુતરો દોડયો. પરંતુ સસલાએ હિંમતથી કુતરાનો મુકાબલો કર્યો અને તેને નસાડયો. આ જોઇ બાદશાહ ઘણો અચરજ પામ્યો અને એવી જુસ્સાવાળી જમીન પર એક શહેર વસાવવા નિશ્ચય કર્યો. આ સંબંધમાં હજુ લોકોમાં વાત ચાલે છે કે "જબ કુત્તેપર સસ્સા આયા, તબ બાદશાહને શહેર બસાયા." એણે તે શહેરની રચના એવી હોશિયારી તથા ખુબીથી રચી છે કે આજદીન સુધી તે સુલતાનની યાદગીરીનું કારણ થઇ પડયું છે.

આ શહેર વસાવવામાં ચાર મહાન પવિત્ર પુરૂષોએ ભાગ લીધો છે. જે ચાર **અહમદના** નામથી પ્રખ્યાત છે. આ ચાર અહમદોમાં એક **સુલતાન અહમદશાહ** પોતે,

બીજા તેના ગુરૂ **શેખગંજ અહમદ ખત્તુ**[1], ત્રીજા **કાઝી અહમદ જૂદ**[2] અને ચોથા **મલેક અહમદ**[3] હતા. એ ચાર મહા પુરૂષો એવા ધાર્મિષ્ટ હતા કે પોતાની પાંચ વખત ની નમાઝ એટલે પ્રાર્થનામાં લેશ ચુકતા નહીં.

આ શહેર આબાદી અને જાહોજલાલીમાં તે વખતે અનુપમ હતું. ભદ્રનો કિલ્લો તથા જુમા મસજીદ વગેરે ઉમદા ઇમારતો હજુ સુધી તે વખતની યાદદાસ્ત ખાતર મોજુદ છે. શહેરમાં પાણીના નળ પણ પુરા પાડવામાં આવ્યા હતા. શહેરની આસપાસ મજબુત અને વિશાળ કિલ્લો બંધાવેલો હજી હયાત છે. તેની ભીંતનો ઘેરાવો પાંચ માઇલનો છે. હિંદુ લોકો કહે છે કે શહેરનો કિલ્લો બંધાવતી વખતે જાદુગર માણેકનાથ આખો દિવસ પોતાની ગોદડીમાં દોરા નાંખતો હતો અને રાત્રે, દિવસે નાંખેલા સઘળા દોરાઓ કાઢી નાંખતો. તેના જાદુથી આખા દિવસની ચણાયેલી ભીંત પડી જતી હતી.

---

(૧) શેખ ગંજ અહમદ ખત્તુ—નાગોરની પાસે આવેલા કરબે ખત્તુના રહીશ હતા. તેઓ પવિત્ર વલી હતા. તેમનો રોજો સરખેજમાં છે.

(૨) સઇયદ અહમદ જૂદ સાહેબ ન્યાયના વડા કાઝી હતા. તેમના વંશજો પાટણ તથા અમદાવાદમાં કાદરી ખાનદાન ના નામથી પ્રખ્યાત છે. એમના મુળ વડીલ પુરૂષ સુલતાન હાજીઉદ સાહેબ સમરકંદથી રાજપાટનો ત્યાગ કરીને ઇસ્લામ ફેલાવવા માટે પાટણ આવ્યા હતા. અદ્યાપી તેમનો રોજો પાટણમાં છે.

(૩) મલેક અહમદ ધાર્મિક વૃત્તિના સરદાર હતા અને તેમનો રોજો અમદાવાદમાં છે.

સુલતાન **અહમદશાહના** વખતમાં બંધાયેલી સૌથી મોટી યાદગાર **જુમા મસજીદ** છે. તેને બાંધતાં બાર વર્ષ લાગ્યાં હતાં અને તે હિંદુસ્તાનની મોટામાં મોટી ઈમારતો પૈકીની એક છે. તે મસજીદના મિનારા ઘણા મોટા હતા. કેટલાંક વર્ષો ઉપર ધરતીકંપ થવાથી તેનો કેટલોક ભાગ પડી ગયો છે.

સુલતાન અહમદશાહે આ શહેર વસાવતી વખતે દરેક સગવડનો વિચાર રાખ્યો હતો. દૂર દેશના વેપારીઓને મોટી રકમ આપીને વસાવ્યા હતા. આ બાબતમાં એટલે સુધી કોશીશ કરી કે અમદાવાદ વેપાર તથા હુન્નર ઉદ્યોગનું મધ્ય સ્થળ બન્યું.

ઈ૦ સ૦ ૧૪૧૫ માં સુલતાને **જુનાગઢ** પર સવારી કરી. જુનાગઢના રાજા **રાહ મંડળિકે** ખંડણી આપવા કબુલ કર્યું.

ઈ૦ સ૦ ૧૪૧૬ માં **બુરહાનપુરનો** હાકેમ **નસીર** નંદરબાર સુધી આવ્યો હતો. સુલતાન પોતે તેની સામે ગયો હતો. પણ નસીર પોતાને દેશ પાછો ચાલ્યો ગયો. આ લાગ જોઇ માળવાનો સુલતાન તથા ઇડર, નાંદોદ, ચાંપાનેર તથા ઝાલાવાડના રાજાઓ એકત્ર થઇ મોટી ફોજ સાથે અમદાવાદ પર ચઢી આવ્યા હતા. સુલતાન તેમની સામે થયો અને દુશ્મનોને હરાવ્યા. આખરે તેઓએ માફી માંગી ને સુલતાને તે બધાને મોટા દીલથી માફી આપી.

ઇડરનો રાજા પુંજો વખતો વખત લુંટફાટ વગેરે કરતો હતો તેથી સુલતાને ઇ૦ સ૦ ૧૪૧૬માં ચઢાઇ કરીને તેનો દેશ જીતી લીધો. રાજા નાસીને જતો હતો એટલામાં

એક કઠિઆરાએ તેનું માથું કાપીને સુલતાનની રૂબરૂ આણ્યું. સુલતાને દયા લાવી પુંજાના દીકરા નારણદાસને તેના બાપની ગાદી આપી.

ઇ૦ સ૦ ૧૪૨૭ માં સુલતાને ઇડરથી ૧૮ માઇલ દૂર હાથમતી નદીના કિનારા ઉપર **અહમદનગર** નામનું શહેર વસાવ્યું જેનું અપભ્રંશ હાલમાં **હિંમતનગર** થઇ ગયું છે.

આ સુલતાને બુંદીકોટા, બાગલાણ, તથા મુંબઇ પાસે માહીમ વગેરે જીતી લઇ પોતાનું રાજ્ય ઘણું વધાર્યું હતું.

આ સુલતાને જયાં જયાં ફોજ મોકલી હતી ત્યાં ત્યાં ફતેહમંદ થઇ હતી અને કોઇ દિવસ તે હાર્યો નહોતો. બાદશાહની રાજ્ય વ્યવસ્થા કરવાની ઉંચી શક્તિ એ ઉપરથીજ સિદ્ધ થાય છે કે, જો કે તેનો ઘણો વખત લડાઇમાં ગયો હતો અને પોતાની રાજધાનીથી દૂર તેને રહેવું પડતું હતું, છતાં તેણે દેશનો ઘણી સારી રીતે બંદોબસ્ત રાખ્યો હતો, અને તેણે એવા સારા ખુબીથી રાજય ચલાવ્યું હતું કે સાડીબત્રીશ વર્ષના રાજ્ય દરમ્યાન માત્ર બે ખૂન તેના રાજ્યમાં થયાં હતાં. તેથી માલમ પડે છે કે સુલતાન ઘણો ન્યાયી અને રાજ્યકુશળ હતો.

એક વેળા સુલતાનના જમાઇએ ગુનો કર્યો. કાઝી પાસે ઇન્સાફ કરાવતાં કતલ થયેલાના વારસોને ખૂનના બદલે પૈસાની મોટી રકમ આપવાની શિક્ષા કરી પરંતુ સુલતાને નબળાના રક્ષણ માટે અદલ ઇન્સાફ આપી જમાઇને ફાંસી દેવાનો હુકમ કર્યો.

બીજું ખૂન એવી રીતે થયું કે, એક વખતે સાબરમતી નદી આગળ મહેલમાં સુલતાન બેઠો હતો એટલામાં એક માટલું તેને નદીમાં વહેતું માલમ પડયું. તેણે તે માટલાને મંગાવી જોયું તો તેમાં એક લાશ માલમ પડી. સુલતાને કુંભારોથી તપાસ કરી તો જાણવામાં આવ્યું કે, એ માટલું અમુક કુંભારે અમુક માણસને આપ્યું હતું. તે ઉપરથી તે માણસ પકડાયો અને ગુન્હેગાર ઠર્યો અને શિક્ષા પામ્યો.

સુલતાન ઘણો ધર્મચુસ્ત અને ઉદાર પણ હતો. તેણે એક લંગરખાતું એટલે સદાવ્રત જારી કર્યું હતું. જ્યાં વિદ્યાર્થીઓ, મુસાફર, ગરીબ વગેરેને ખાવાનું આપવામાં આવતું હતું. આ સદાવ્રત હાલ સુધી જુમા મસજીદના અંગે જારી છે અને તેના નિભાવ માટે અંગ્રેજ સરકાર તરફથી મોટી નાણાંની મદદ ચાલુ રહી છે. ઇ૦ સં૦ ૧૪૪૧ માં સુલતાન મરણ પામ્યો.

વાર્તા ૧૪મી સુલતાન મહંમદશાહ બીજો.

ઇ૦ સ૦ ૧૪૪૩થી ૧૪૫૧

મહંમદશાહ એ અહમદશાહનો દીકરો હતો. આ સુલતાન લશ્કર તથા રૈયતની ઘણી સારી ખબર રાખતો હતો. ગરીબ લોકોને એટલો બધો પૈસો આપતો કે તેને "ઝરબક્ષ[1]" કહી બોલાવતા હતા. ઇ૦ સ૦ ૧૪૫૧માં સુલતાન મરણ પામ્યો.

---

૧ પૈસો આપનાર, દાતાર,

વાર્તા ૧૫મી સુલતાન કુતબુદ્દીન.

ઇ૦ સ૦ ૧૪૫૧થી ઇ૦ સ૦ ૧૪૫૯.

સુલતાન કુતબુદ્દીન મહંમદશાહનો દીકરો હતો. સુલતાન કુતબુદ્દીને અમદાવાદ શહેરની બહાર ઉત્તર તરફ, ઘણે પૈસો ખરચી એક "**હોઝેકુતબ**" નામનું તળાવ બંધાવ્યું જે હાલ **કાંકરીયા**ના નામથી ઓળખાય છે. તેમાં **નગીનાવાડી**, તથા **ઘટામંડળ** નામના મોટા વિશાળ મહેલો બંધાવ્યા, અને તળાવનું પાણી સુકાઇ જાય નહીં તે માટે **હાથમતી** નદીમાંથી નહેર લાવી તેની સાથે જોડી દીધા. બધાં પરોપકારી કામો હજી તેની યાદીને માટે મોજુદ છે. ઘટામંડળની નિશાની જોવામાં આવતી નથી. થોડી મુદત ઉપર અંગ્રેજ સરકારે, પોણો લાખ રૂપીઆ ખરચી નગીનાવાડી તથા કાંકરીયા તળાવ દુરસ્ત કરાવ્યાં હતાં.

આ સુલતાન ઘણો બહાદુર, ઉદાર તથા દૃઢ મનનો હતો. તે ઇ૦ સ૦ ૧૪૫૯માં મરણ પામ્યો.

વાર્તા ૧૬મી સુલતાન દાઉદશાહ.

ઇ૦ સ૦ ૧૪૫૯

સુલતાન દાઉદશાહ અહમદશાહનો દીકરો હતો. તેણે નાલાયક અને હલકા માણસોને નોકરીમાં દાખલ કરવા માંડયા હતા. તેથી સરદારોએ તેને સાતમે દિવસે ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો. રાજપાટ છોડયા પછી દાઉદશાહે પોતાની જિંદગી ઇશ્વર ભક્તિમાં ગાળી.

વાર્તા ૧૭મી સુલતાન મહમૂદ બેગડો.

ઇ૦ સ૦ ૧૪૫૯ થી ૧૫૧૧

દાઉદશાહ પછી અહમદશાહનો નાનો દીકરો મહમૂદ

બેગડો માત્ર ૧૪ વર્ષની નાની ઉમરે ઇ૦ સ૦ ૧૪૫૯માં ગાદીએ બેઠો અને બુધ્ધિ બળ તથા બહાદુરી વડે પોતાના સરદારોને હુકમ માનવાની ફરજ પાડી. આ સુલતાન ઘણોજ શૂરો હતો. તેણે **જુનાગઢના રાજા રાહ માંડળિક** ઉપર બેવાર ચઢાઇ કરી. તેની પાસેથી ખંડણી લીધી. પણ રાજા વારંવાર કાંઇને કાંઇ તોફાન કરતો હતો તેથી ત્રીજી વખતે ઇ૦ સ૦ ૧૪૭૨માં જુનાગઢ ઉપર ચઢાઇ કરી જુનાગઢ જીતી લઇ ખાલસા કર્યું અને નવેસરથી તેણે શહેરને આબાદ કર્યું. શહેરની આસપાસ કોટ બંધાવ્યો, સૈયદ, વિદ્વાનો, અને કાઝીઓ વગેરેને વસાવ્યા. શહેરનું નામ **મુસ્તફાબાદ** પાડયું. રાહ માંડળિક સુલતાનના સારા ગુણો જોઇ પોતાની ખુશીથી મુસલમાન થયો અને પોતાનું નામ ખાનજહાન પાડયું તથા સુલતાનની સાથે રહેવા લાગ્યો. અમદાવાદમાં માણેકચોકમાં તેની કબર છે. પરંતુ એના દીકરાઓ પોતાના ધર્મ ઉપર ચાલુ રહ્યા અને સુલતાને તેમને સારી જાગીર આપી.

ઇ૦ સ૦ ૧૪૭૩માં સુલતાને **સિંધના** અમીરો ઉપર ચઢાઇ કરી. જમીનદારોએ માફી માંગી. સુલતાને તે કબુલ કરી. આ જમીનદારો મુસલમાન હતા. પણ તેમના ઘણા ખરા રિવાજ હિંદુ જેવા હતા. તેથી કેટલાક જમીનદારોને **જુનાગઢ** મોકલી દીધા. એટલા માટે કે ત્યાં તેમને ધર્મની કેળવણી આપવામાં આવે. સિંધના હિંદુ જમીનદારો પણ સુલતાનને તાબે થયા. પછી તેણે કચ્છદેશ જીતી લીધો. અને તેનું નામ **સુલેમાનનગર** રાખ્યું.

દ્વારકાનો રાજા ઘણો જુલમી હતો અને દરિયાપારના વેપારને હરકત કરતો હતો તેથી સુલતાને તેના ઉપર ઇ૦ સ૦ ૧૪૭૩માં ચઢાઇ કરી. રાજાને હરાવી દેશની આબાદી વધારી દ્વારકાનું નામ **મુસ્તફાનગર** પાડ્યું.

ઇ૦ સ૦ ૧૪૭૫ માં સુલતાનના ગુરૂ **શાહ આલમ સાહેબ** ગુજરી ગયા. તેમનો ભવ્ય રોજો શહેરની બહાર છે. તે શાહ આલમના રોજાના નામથી પ્રસિદ્ધ છે. રોજામાં બે મિનારા ઘણા ઉંચા છે. તેમનો ઉરસ એટલે મેળો દર વર્ષે ઘણી ધામધૂમથી ઉજવાય છે. તે રોજાના નિભાવ માટે બાદશાહી વખતનાં કેટલાંક ગામ વકફ હાલ ચાલુ છે. અંગ્રેજ સરકારે થોડા વખત ઉપર ભારે ખરચ કરી રોજાને સમરાવ્યો છે.

ઇ૦ સ૦ **૧૪૭૯** માં શિકાર રમતાં અમદાવાદ શહેરથી ૧૨ ગાઉ દૂર એક જગ્યા સુલતાનને પસંદ પડી ત્યાં **મેહમૂદાબાદ** નામે એક શહેર વસાવ્યું. આ શહેરમાં એક એવી ચમત્કારિક વાવ બંધાવી કે તેને જોવા માટે દૂર દૂર દેશના માણસો આવે છે. તે **શહેર હાલ** એક કસ્બો છે.

ઇ૦ સ૦ ૧૪૮૩ **માં ચાંપાનેરના** રાજા જયસિંહે જોર બતાવી સુલતાનના થાણાને નુકશાન કર્યું હતું તેથી સુલતાને તેના ઉપર ચઢાઇ કરી. ઘણા રાજાઓ ચાંપાનેરના રાજાની મદદે આવ્યા પણ સુલતાન જીત્યો, અને રાજા[1] લડાઇમાં

---

૧ રાજાની ઓલાદમાં હાલ પણ છોટા ઉદેપુર અને બારીયા ના રાજા છે.

માર્યો ગયો, તેનું રાજ્ય ખાલસા કર્યું. રાજાનો એક છોકરો મુસલમાન થઇ ગયો તેને સુલતાને સારી જાગીર આપી હતી. સુલતાને ચાંપાનેરનું નામ **મહુમ્મદાબાદ** પાડયું અને ત્યાં એક ઘણી મોટી મસજીદ બંધાવી.

આ સુલતાનના વખતમાં ગુજરાતનું રાજ્ય બહુજ વિસ્તીર્ણ થયું હતું. આ સુલતાનને બેગડો કહેવાનું કારણ એ છે કે **પાવાગઢ** (ચાંપાનેર) તથા **જુનાગઢ** આ બે મજબુત કિલ્લા (**ગઢ**) તેણે જીતી લીધા હતા તેથી તેને (બેગઢો) **બેગડો** કહે છે.

તેને બાગનો એટલો બધો શોખ હતો કે તેણે દૂર દેશોમાંથી માળીઓને બોલાવી અમદાવાદની આસપાસ તથા બીજાં મોટાં મોટાં શહેરોમાં બાગ બનાવ્યા. તેમાંનો એક બાગ અમદાવાદની પાસે "**બાગે ફિરદોસ**" ના નામથી પ્રખ્યાત છે. તે પાંચ ગાઉ લાંબો અને એક ગાઉ પહોળો હતો. આ મોટા બાગમાં કેરી, તથા રાયણનાં નવ લાખ ઝાડો હતાં. સુલતાને પોતાના વખતમાં ઘણા મકબરા, મસજીદો, મુસાફરખાનાં, નિશાળો વગેરે ઘણો પૈસો ખરચી બંધાવ્યાં હતાં. આ જોઇને અમીરોએ પણ સુલતાનનું અનુકરણ કર્યું. દદા હરિર નામના એક મુસલમાન ખીદમતગારે ત્રણ લાખ રૂપિયા ખરચી એક વાવ બંધાવી હતી જે હાલ દાદાહરિના નામથી ઓળખાય છે. અને તે અસારવા પાસે છે. ઉપરાંત શાહઆલમનો રોજો તથા દરિયાખાનનો રોજો અને અડાલજની વાવ પણ તેના વખતના અમીરોએજ બંધાવેલાં છે.

સુલતાન ઘણો ન્યાયી હતો. તેના વખતમાં ચોરી તથા લૂંટનું નામ પણ નહતું. તે એવો મહેનતુ હતો કે એક દિવસમાં ૬૦ ગાઉ જતો હતો. તેની ફોજનો એવો દબદબો હતો કે હિંદુસ્તાનના કોઇ પણ રાજા તથા બાદશાહે તેવો દબદબો કદી ભોગવ્યો નહતો. તે એવો ધાર્મિક હતો કે તેણે પોતાની આખી જિંદગીમાં કોઇને ગાળ સરખી દીધી નહતી. તે નમાજ અને રોજા એવો નિયમસર પાળતો કે એકે વખતની નમાજ તેણે કોઇ વખત પણ છોડી ન હતી. એક વખતે રમજાનમાં કુરાન શરીફનાં હાફેઝનાં ઘણાં વખાણ થયાં. પોતે કહેવા લાગ્યો કે અફસોસ ! હમારા વંશમાં કોઇ હાફેઝ હોત તો અમને પણ જન્નત (સ્વર્ગ) મળત. **શાહઝાદા ખલીલે** જ્યારે એ વાત સાંભળી ત્યારે, તે ઘણો વિદ્વાન હોવાથી, તેના અંતકરણમાં ઘણી અસર થઇ અને તેજ દિવસથી કુરાન મોઢે કરવાનું શરૂ કર્યું અને બીજા રમજાનમાં તેણે પોતાના બાપને કહ્યું કે જો આજ્ઞા હોય તો હું તરાવીમાં તમામ કુરાન મોઢે સંભળાવું. આ સાંભળી સુલતાન ઘણો ખુશ થયો અને શાહઝાદાને ભારે ઇનામ આપ્યું. ઇ૦ સ૦ ૧૫૧૧માં તે મરણ પામ્યો.

વાર્તા ૧૮મી. સુલતાન મુઝફ્ફર બીજો.

ઇ૦ સ૦ ૧૫૧૧થી ઇ૦ સ૦ ૧૫૨૬ સુધી.

સુલતાન મહમુદશાહનો દીકરો **ખલીલ મુઝફ્ફરશાહનું** નામ ધારણ કરી ઇ૦ સ૦ ૧૫૧૧માં.ગાદીએ બેઠો. ઇરાનના શાહે ઘણી ભેટો સુલતાન ઉપર મોકલી.

પોતાના બાપના વખતમાં આ શાહઝાદો આઠ વર્ષ સુધી **જુનાગઢનો** હાકેમ હતો. જુનાગઢ પાસે એનું વસાવેલું ગામ **ખલીલપુર** હાલ આબાદ છે. પછી તે **વડોદરાનો** હાકેમ થયો. તેની આબાદી વધારી તેનું નામ **દોલતાબાદ** તેણે પાડયું.

ઇ૦ સ૦ ૧૫૨૧ માં **ચિતોડના** રાણાએ ગુજરાતનો કેટલોક ભાગ લૂટયો અને માલ વગેરે લઇ પોતાને દેશ પાછો ચાલ્યો ગયો. સુલતાને રાણા ઉપર લશ્કર મોકલ્યું. લશ્કર આવવાની વાત સાંભળી રાણાના હોશ ઉડી ગયા અને લૂંટના માલથી દશગણો માલ આપી માફી માંગી અને વચન આપ્યું કે, કોઇ વખત હું આ પ્રમાણે કરીશ નહીં.

આ સુલતાન મુસલમાન તથા હિંદુઓ તરફ સમાન દૃષ્ટિ રાખતો. તેની યાદ શકિત ઘણી સારી હતી. મોટી ઉમરમાં તેણે કુરાન મોઢે કર્યું હતું. એ ઘણો બહાદુર હતો. એક વખતે કાઠિયાવાડમાં સુલતાનની ફોજથી તે એકલો જુદો પડી ગયો. એટલામાં એકાએક કેટલાક લૂંટારાઓની ટોળી તેને મળી. સુલતાન પોતે જરા પણ ન ગભરાતાં સર્વેની સામે થયો અને તીર વડે સર્વેને નસાડી પોતે આગળ વધ્યો.

તે ઘણો ઉદાર હતો. હાજીઓ* માટે તેણે એક વહાણ ખાસ કરીને રાખ્યું હતું અને સઘળો ખરચ તે આપતો હતો. સુલતાન ઘણો દયાળુ હતો. એક વખતે હમા-

* મક્કા હજ કરવા જાય તેને હાજી કહેવાય છે.

મખાનાના નોકરોની બેકાળજીથી કોઇ ખરાબ ચીજ પાણીમાં પડી ગઇ હતી અને નોકરોએ તે જોઇ નહતી. તેજ ચીજ સુલતાનના મોં ઉપર પડી. નોકરો ઘણા ગભરાયા કે, હવે મોત આવ્યું. પણ તે દયાળુ સુલતાને માત્ર તેમને કહ્યું કે હું તો ઘરડો છું પણ મારા છોકરાઓ જુવાન છે માટે ધ્યાન રાખી કામ કરજો.

સુલતાનનો એવો કાયદો હતો કે દરરોજ તે કુરાનનો એક રૂકુ લખતો હતો. જ્યારે પુરો થઇ જતો ત્યારે તે મક્કે મોકલી દેતો. એક દિવસે તેણે ઘણું સારૂં લખ્યું હતું, તેથી ખુશ ખુશ થઇ તેને જોયા કરતો હતો. આ દરમ્યાન લતીફુલ મુલ્ક તલવાર લઇને સુલતાનની પાછળ ઉભો હતો. તે અફીણના કેફમાં એવો બેભાન થઇ ગયો કે, તેની તલવાર સુલતાનની ખાંધ ઉપર પડી. તેના અથડાવાથી તેના હાથ માંની કલમ તે પાના ઉપર જઇ પડી. તેથી ઘણી લીટીઓ શાહીવાળી થઇ ગઇ. પણ આ દયાળુ સુલતાન ઢોળાયલી શાહી સાફ કરીને લખવા લાગ્યો. જ્યારે તે લખી રહ્યો ત્યારે તેણે પૂછ્યું કે લતીફુલ મુલ્ક કયાં છે. એક સરદારે જવાબ આપ્યો કે તે બહાર રડયા કરે છે. સુલતાને કહ્યું કે અમે તેનો ગુનો માફ કર્યો છે પણ અમારી સલામ માટે તે આવે નહીં. તેણે આ સાંભળ્યું ત્યારે અરજ કરી કે આ સજા મારી નાંખવા કરતાં વધારે ખરાબ છે ત્યારે સુલતાને કહ્યું કે અફીણ મૂકી દે. તેણે કબુલ કર્યું અને અફીણ ખાવાનું તદન છોડી દીધું.

રૈયતની હાલત જાણવા માટે સુલતાન વેશ બદલી

રાત્રે નગરચર્ચા સાંભળવા નીકળતો. ઇ૦ સ૦ ૧૫૨૬ માં સુલતાન મરણ પામ્યો.

વાર્તા ૧૯મી સુલતાન સિકંદર

ઇ૦ સ૦ ૧૫૨૬

સુલતાન સિકંદર મુઝફ્ફરશાહનો દીકરો હતો. ઇ૦ સ૦ ૧૫૨૬ માં ગાદીએ આવ્યો. તે ગુજરાતના સઘળા સુલતાનો કરતાં વધારે ખુબસુરત હતો. ગાદીએ આવ્યાને દોઢ માસ પછી એક અમીરે વજીર બનવાની લાલચથી તેને મારી નાંખ્યો.

વાર્તા ૨૦મી સુલતાન મહંમદ બીજો.

તેના પછી મહંમદ બીજો સુલતાન થયો. તે મુઝફ્ફર બીજાનો દીકરો હતો. એ સુલતાન નામનોજ હતો. એ સગીર હતો. તેથી તેનો મોટો ભાઈ **બહાદુરખાન** જે નાખુશ થઇને દિલ્હી ચાલ્યો ગયો હતો અને જે ઘણો બહાદુર તેમજ લાયક હતો તેને ઉમરાવોએ **બહાદુરશાહના** ખિતાબથી ગાદીએ બેસાડયો.

વાર્તા ૨૧મી સુલતાન બહાદુરશાહ.

ઇ૦ સ૦ ૧૫૨૬થી ઇ૦ સ૦ ૧૫૩૭ સુધી.

બહાદુરશાહ ઇ૦ સ૦ ૧૫૨૬માં સુલતાન થયો. કાઠિયાવાડના દરિયા કિનારે પોર્ટુગીઝ લોકોનું ઘણું જોર વધી ગયું હતું તેથી ઇ૦ સ૦ ૧૫૨૬માં કાઠિયાવાડમાં ફરીને તેણે તેમનું જોર ઓછું કર્યું. સુલતાને **ભરૂચનો** કિલ્લો બાંધવાનો હુકમ કર્યો.

માળવાના સુલતાન મહંમદખીલજી ઉપર ગુજરાતના સુલતાનનો ઉપકાર હતો તોપણ તે તોફાન કરતો હતો તેથી બહાદુરશાહે ઈ૰ સ૰ ૧૫૩૧માં ચઢાઇ કરી તેને કેદ કર્યો અને માળવા દેશ ખાલસા કર્યો. પછી તે કાઠિયાવાડ તરફ રવાના થયો અને ઝાલાવાડ વગેરેના રજપૂતો જે દંગો ફિસાદ કરતા હતા તેમને સજા કરી પાંસરા કરી દીધા.

ચિ-તોડના રાણાએ માથું ઉંચકવાથી ઇ૰ સ૰ ૧૫૩૩ માં સુલતાને એક મોટા લશ્કર, ઘણા હાથી અને તોપો સાથે તેના ઉપર ચઢાઈ કરી. જે તોપો સુલતાન ચિ-તોડ લઇ ગયો હતો તેમાંની એક તોપ હાલ **જુનાગઢ**ના કિલ્લામાં છે. રાણાએ ઘણા કાલાવાલા કરી માફી માંગી પણ સુલતાને ના પાડી કારણ કે તેનો વિચાર ચિ-તોડ ખાલસા કરવાનો હતો. પણ રાણાની દાદીએ સુલતાનને ઘણું સમજાવ્યો તેથી તેની શરમથી તેણે તેને માફી આપી. પણ રાણાએ તોફાન ચાલુ રાખ્યું તેથી બહાદુરશાહે ફરીથી ચિ-તોડ ઉપર ઇ૰ સ૰ ૧૫૩૫માં ચઢાઇ કરી. એ દરમ્યાન **દિલ્હી**ના બાદશાહ **હુમાયુ**એ સુલતાન બહાદુરશાહને લખ્યું કે, મીરઝા મહંમદ-ઝમાન જે હુમાયુંનો બનેવી હતો અને તે તેની વિરૂદ્ધ થઇ ગયો હતો તેને ગુજરાતમાંથી કાઢી મૂકો અથવા તો મારી પાસે મોકલી દો. સુલતાન બહાદુરશાહે મીરઝાને આશ્રય આપ્યો હતો તેથી તેને મોકલવાની ના પાડી. તેથી હુમાયું ફોજ લઇ ગ્વાલીયર પાસે આવી પહોંચ્યો. પણ જ્યારે તેણે જોયું કે બહાદુરશાહ ચિ-તોડ જીતવાના કામમાં રોકાયો છે તેથી તે ધર્મની લાગણીને લીધે આગળ વધ્યો નહીં. બહાદુરશાહે ચિ-તોડનો કબજો લીધો અને તેને ખાલસા કર્યું

માળવા દેશ તે પહેલાંથીજ જીત્યો હતો તેથી હવે હુમાયુંના હુમલાથી બીએ તેમ નહતો. તેથી તે ગ્વાલીયર તરફ આગળ વધ્યો. બંને વચ્ચે મોટી લડાઈ થઈ તેમાં બહાદુરશાહ હાર્યો કારણ કે એનું લશ્કર રજપૂતો સાથે લડવાથી થાકી ગયું હતું. બહાદુરશાહનો કસબનો ભરેલો તંબુ જોઇ હુમાયું ઘણો આશ્ચર્ય પામ્યો અને બોલી ઉઠ્યો કે " એ તંબુ તે બાદશાહનો છે જે દરિયાનો માલિક છે." કારણ કે ગુજરાતના-સુલતાનના કબજામાં ૮૪ બંદરો હતાં. બહાદુરશાહ ત્યાંથી દીવ ચાલ્યો ગયો.

હુમાયુંએ ગુજરાત જીતી પોતાના ભાઇ મીરઝા અસ્કરીને સોંપી પોતે દિલ્હી તરફ પાછો ફર્યો. બહાદુરશાહથી બેડુતો એટલા ખુશ હતા કે તેઓએ મીરઝા અસ્કરીને દાણ વસુલ કરવા દીધું નહીં, અને દરેક ઠેકાણે બળવો ઉઠાવ્યો ને એટલે સુધી કે, તેઓએ મીરઝા અસ્કરીને અમદાવાદમાંથી કાઢી મૂક્યો અને બહાદુરશાહને **દીવથી** બોલાવી **સુલતાન** બનાવ્યો.

ઇ૦ સ૦ ૧૫૩૭માં કાઠિયાવાડમાં ફરતાં દીવ આગળ દરિયામાં ડુબી સુલતાન મરણ પામ્યો.

સુલતાન બહાદુરશાહના વખતમાં ગુજરાતમાં ઘણા સુધારા થયા હતા અને વેપાર ઘણી સારી રીતે ચાલતો હતો. દેશનો વિસ્તાર વધ્યો હતો. એના તાબામાં ૮૪ બંદર હોવાં એ એક નોંધવા લાયક બીના છે. તે ઘણો ઉદાર હતો. તેણે અમદાવાદમાં લંગરખાનાં જારી કર્યાં હતાં.

જ્યારે દખણના **નિઝામ મુલ્કના** દરબારમાં બહાદુર

શાહને ઘણા માન સાથે શહેનશાહ માનવામાં આવ્યો ત્યારે નિઝામે કહ્યું કે, તમે દેશની ભાષા બોલી શકો છો? ત્યારે સુલતાને જવાબ આપ્યો કે "હું ગુજરાતી જાણું છું." તે વખતે ગુજરાત પૈસાથી ઘણો ભરપુર હતો. જ્યારે સુલતાન હુમાયુંથી હારી ગયો ત્યારે તેણે પોતાનાં સગાંવહાલાંને મક્કે રવાના કર્યાં. તે વખતે તેણે તેમને ૩૦૦ પેટીઓ નાણાં અને જણસોથી ભરીને આપી હતી. રૂમના સુલતાનને તેણે ઘણી ભેટો મોકલી હતી. આ બધો માલ કુલ ૪૫ કરોડ રૂપીઆનો હતો.

વાર્તા ૨૨મી સુલતાન મહમૂદ ત્રીજો.

ઇ૦ સ૦ ૧૫૩૭થી ૧૫૫૪ સુધી.

સુલતાન બહાદુરશાહ પછી મહંમદખાં કે જે તેનો ભત્રીજો હતો તેને ગાદીએ બેસાડયો. તે વખતે તે બાર વર્ષનો હતો. તે મહમૂદના નામથી ઓળખાય છે.

તેના વખતમાં **સુરત**માં એક મોટો લોઢાનો કિલ્લો બાંધવામાં આવ્યો.

સુલતાન નાની ઉમરનો હતો, તેથી તે ઉમરાવોને તાબામાં રાખી શકયો નહીં. તેથી દરેક ઠેકાણે હુલ્લડ થવા લાગ્યાં. આખરે તેના એક બહાદુર નામના નિમકહરામ નોકરે સુલતાનને કતલ કર્યો.

આ સુલતાન ઘણો વિદ્વાન તથા :બહાદુર હતો. પણ નાનો હતો. તેથી તેનું કંઇ ચાલ્યું નહીં. **અહેમદાબાદ**માં એણે "**આહુખાના**" નામે હરણ રાખવાની જગા બંધાવી હતી.

હાલ આ જગા ઉજડ છે. તેમાં મોટા મોટા ચાર મહેલ હતા અને દરવાજા પર બજાર ભરાતી હતી. એના વખતમાં મહેમદાવાદથી અમદાવાદ સુધી બજાર બંધાવીને બંને શહેરોને તેણે એક કરી નાંખ્યાં હતાં.

વાર્તા ૨૩મી સુલતાન અહમદશાહ બીજો.

ઇ૦ સ૦ ૧૫૫૪થી ઇ૦ સ૦ ૧૫૬૧ સુધી.

સુલતાન મહમૂદ પછી અહમદશાહ સુલતાન થયો. એ પણ નાનો હતો. અમીરોએ ગુજરાતનો કેટલોક ભાગ વહેંચી લીધો અને પાછળથી આ સુલતાનને કતલ કર્યો.

વાર્તા ૨૪મી સુલતાન મુઝફ્ફર.

ઇ૦ સ૦ ૧૫૬૧થી ઇ૦ સ૦ ૧૫૭૩ સુધી.

સુલતાન અહમદશાહ પછી મુઝફ્ફર સુલતાન થયો. એના વખતમાં દિલ્હીના બળવાખોર મીરઝાઓ ગુજરાતમાં આવ્યા. તેમણે અહીંના હુલ્લડોને બમણાં કરી દીધાં. દરેક ઠેકાણે લડાઇ સિવાય બીજું કાંઇ જોવામાં આવતું ન હતું. આ લાગ જોઇ **દિલ્હીનો** બાદશાહ **અકબર** ગુજરાત ઉપર ચઢી આવ્યો. તેને એતેમાદખાન વઝીર જઇ મળ્યો અને કિલ્લાની ચાવીઓ અકબરને સોંપી દીધી જેથી મુઝફ્ફર કેદ થયો. અકબરે વગર લડાઇએ ગુજરાત જેવો ફળદ્રુપ દેશ લીધો. પણ સુરત વગેરે કિલ્લાઓ લેવામાં અકબરને મહેનત પડી હતી. કારણ કે ત્યાંના સરદારો તેની સામે થયા હતા.

સુલતાન મુઝફ્ફર કેદમાંથી નાશી ગયો અને ૨૦ વર્ષ સુધી અકબરની ફોજને હેરાન કરતો રહ્યો. એટલે સુધી કે

તેણે અમદાવાદનો પણ કબજો લીધો હતો. જુનાગઢના હાકેમ દોલતખાન, તથા જામનગરના જામે સુલતાનને ઘણી મદદ આપી હતી. આખરે તે હારી નાશી ગયો અને કચ્છ પહોંચ્યો. ત્યાંના રાજાએ તેને આશ્રય આપ્યો, પણ પાછળથી ઇનામ મેળવવાની લાલચે તેણે તેને અકબરને સોંપી દીધો.

મુઝફ્ફર પોતે ટેકવાળો હતો. તે બીજી વખત કેદ થયો નહીં. અકબર પાસે લઇ જતાં રસ્તામાં તે આપઘાત કરી મરી ગયો. તેનો પુત્ર **બહાદુરખાન** એવો તો બહાદુર હતો કે **જહાંગીર**ના વખતમાં ફોજ એકઠી કરી ગુજરાતની સરહદ ઉપર ચઢી આવ્યો હતો. આ સિવાય આ વંશની કાંઇ પણ હકીકત ઇતિહાસમાં જોવામાં આવતી નથી. એ રીતે મુસલમાન સુલતાનોના વંશનો અંત આવ્યો.

પ્રકરણ ૫ મું.

હિંદુસ્તાનના મુગલવંશના શહેનશાહોની ગુજરાત ઉપર હકુમત.

વાર્તા ૨૫મી. અકબરના વખતમાં ગુજરાતના સુબાઓ.

અકબરના વખતમાં ગુજરાતમાં નવ સુબાઓ થયા હતા. **ખાનઆઝમ મીરઝા અઝીઝ કોકલતાશ**ને પહેલો સુબો મુકરર કરી અકબર ઇ૦ સ૦ ૧૫૯૩માં પોતાની રાજ-

ધાની **આગ્રે** ચાલ્યો ગયો. **મહમદહુસેન મીરઝા** જેણે અકબર સામે બળવો કર્યો હતો તેણે અકબરના :ગુજરાતથી પાછા ગયા પછી ભરૂચ તથા ખંભાતનો કબજો કરી છેવટમાં **અમદાવાદને** ઘેરો ઘાલ્યો. **ખાનઆઝમે** લાચાર થઇ આખરે અકબરની મદદ માંગી. તેથી અકબરે મોટું લશ્કર લઇ અમદાવાદ આવી લડાઈ શરૂ કરી. તે લડાઇમાં અકબર પોતે પણ જખમી થયો, પણ આખરે અકબરની ફતેહ થઇ અને મહમદ હુસેન મીરઝા લડાઇમાં માર્યો ગયો. અકબરે ગુજરાતના સરદારો પૈકી જેઓ તેની સાથે વફાદારીથી વર્ત્યા હતા તેમને મોટા મોટા હુદ્દા આપ્યા. તેમનામાંથી **વઝીહુલમુલ્કને** ગુજરાતનો દીવાન નીમ્યો. ગુજરાતનો આ પહેલોજ દીવાન થયો છે. પછી અકબર આગ્રે ચાલ્યો ગયો.

ઇ૦ સ૦ ૧૫૭૫માં ખાનઆઝમે ગુજરાતની સુબેદારીનું રાજીનામું આપ્યું તેથી બીજો સુબો **મીરઝાખાન** થયો. તે પછી ત્રીજો સુબો **સૈયદ શહાબુદ્દીન** થયો. એણે દેશનું ભલું અને રૈયતને સુખી કરવાની ઘણી મહેનત કરી અને જુદી જુદી જગાએ ૮૦ કિલ્લાઓ બંધાવ્યા. ચોથો સુબો એતેમાદખાન થયો પણ **સુલતાન મુઝફ્ફરે** અમદાવાદનો કબજો લીધો અને જુમામસજીદમાં જઈ તેણે પોતાના નામનો ખુતબો પઢાવ્યો. એણે ભરૂચ તથા વડોદરા જીતી લીધાં. જ્યારે અકબરને આ બંડની ખબર થઇ ત્યારે **મીરઝાખાનને** બીજીવાર સુબેદાર નીમી મોટા લશ્કર સાથે તેને ગુજરાત મોકલ્યો. તેણે **સરખેજ** આગળ લશ્કર સાથે પડાવ નાંખ્યો.

તે સુલતાન સામે લડવા ગયો અને જ્યારે બાદશાહની ફોજ હારે એમ માલમ પડવાથી મીરઝાખાને પોતાના હાથીઓને દુશ્મનો તરફ છોડી દીધા તેથી સુલતાનનાં ઘણાં માણસો માર્યાં ગયાં અને સુલતાન પોતે પણ લાચાર થઇ નાશી ગયો વળી તેણે ખંભાત જઇ ૧૨૦૦૦ માણસોનું લશ્કર એકઠું કર્યું. પણ વડોદરા આગળ મીરઝાખાને મુઝફ્ફરને ફરી હરાવ્યો અને તે નાશી ગયો. જ્યારે અકબરને આ જીતની ખબર થઇ ત્યારે મીરઝાખાનને ઇનામ તથા **ખાનંખાનાન**નો ખિતાબ વગેરે આપ્યાં. એના બીજા સરદારોને પણ ઇલ્કાબ ઇનામ મળ્યાં. મીરઝાખાન ઘણો ભલો હતો. તેણે રૈયતને ખુશ રાખવા ઘણા પ્રયત્નો કર્યા. જ્યાં **સરખેજ** પાસે તેણે મુઝફ્ફરને હરાવ્યો હતો ત્યાં લડાઈની યાદગાર માટે એક બાગ તૈયાર કરાવ્યો અને તેનું નામ **ફતેહબાગ** રાખવામાં આવ્યું. એ બાગનાં ખંડેર હજુ સુધી જોવામાં આવે છે. તેના પછી **ખાન આઝમ** ફરી ગુજરાતનો સુબેદાર થયો આ વખતની એની સુબેદારીમાં એવો બનાવ બન્યો કે **મુઝફ્ફર**ને પકડયા પછી એણે આપઘાત કર્યો અને તમામ બંડ નરમ પડયાં. ખાન આઝમના જીતના સમાચાર અકબરને મળ્યા ત્યારે તેણે ખાન આઝમને મુબારકબાદીનો કાગળ લખી તેને પોતાની પાસે બોલાવ્યો. પણ ખાન આઝમ દુનિયાની દોલત તથા હકુમતની લાલચ ન રાખતાં **જુનાગઢ** પાસેના બંદર **વેરાવળથી મક્કે** હજ કરવા નીકળ્યો. લોકો એને ઘણા ચાહતા હતા. જે દિવસ ખાનઆઝમ વહાણમાં બેઠો તે દિવસે શહેરના સઘળા લોકો તથા નોકરો દરિયા કિનારે હાર

બંધ થઇ રડવા લાગ્યા અને તે પણ રડવા લાગ્યો. આખરે બધાને છેલ્લી સલામ કરીને વહાણે લંગર ઉઠાવ્યું. તે વખતે દેશમાં શાન્તિ હતી.

ઇ૦ સ૦ ૧૬૦૬મા **અકબર** પાદશાહ મરણ પામ્યો અને તેનો શાહઝાદો **જહાંગીર** દિલ્હીની ગાદીએ બેઠો.

વાર્તા ૨૬મી જહાંગીરના વખતમાં સુબાઓ.

ઇ૦ સ૦ ૧૬૦૬થી ઇ૦ સ૦ ૧૬૨૭.

જહાંગીરના વખતમાં ગુજરાતમાં આઠ સુબા નીમવામાં આવ્યા હતા. તેમાંથી બીજો સુબો **મુર્તુજાખાન** બુખારી હતો. એણે જહાંગીરને ગુજરાતમાંથી એક ઉમ્દા માણેકની વીંટી ભેટ મોકલી. તે આખી વીંટી એકજ નંગમાંથી તૈયાર કરી હતી. તે માણેક ઘણોજ ખુશનુમા અને તેજદાર હતો. તેની કિંમત રૂ૦ ૨૫૦૦૦ની હતી. બુખારીએ ઘણાં મુસાફરખાનાં તથા ધર્મશાળાઓ બંધાવી. **શાહ વજીહુદ્દીનનો** રોઝો તથા મસજીદ પણ એણેજ બંધાવ્યાં હતાં. અમદાવાદનો **બુખારા** નામનો મહોલ્લો એણેજ વસાવ્યો હતો.

ઇ૦ સ૦ ૧૬૧૬માં જહાંગીર અમદાવાદ આવ્યો અને **કાંકરીયા** તળાવ આગળ પડાવ નાંખ્યો અને બીજે દિવસે એણે દરગાહોની જિયારત કરી અને **ખાનખાના**ની દીકરી **એરૂનન્નિસાની** અરજ ઉપરથી **ફતેહબાગ** જોવા ગયો. તે વખતે પાનખર ઋતુ હોવાથી બાગમાં ફૂલ તથા પાંદડાં, કાગળ તથા મીણ વગેરેના બનાવટી બતાવવામાં આવ્યા હતાં.

એવી બનાવટ કરવામાં આવી હતી કે જહાંગીરે તેમને ખરાં ફૂલ સમજી તોડવાને પોતાનો હાથ લંબાવ્યો અને જ્યારે ખરી હકીકત એના જાણવામાં આવી ત્યારે તે ઘણો ખુશ થયો. તેણે પોતાના શાહઝાદા **શાહજહાંને** ગુજરાતનો સુબેદાર નીમ્યો અને પોતે આગ્રા તરફ નીકળ્યો. શાહજહાં ગુજરાતનો છઠ્ઠો સુબેદાર હતો. એણે **સાબરમતી** નદીના કિનારા પાસે એક મોટો બાગ તથા મહેલ બંધાવ્યા. આ બાગ માત્ર દુકાળના વર્ષમાં રૈયતના ભલા માટે બાંધવામાં આવ્યો હતો. જે હાલમાં **શાહીબાગના** નામથી ઓળખાય છે. તેમાં હાલ ઉત્તર વિભાગના **કમીશનર** સાહેબ રહે છે.

વાર્તા ૨૭મી. શાહજહાંના વખતમાં સુબાઓ.

ઈ૦ સ૦ ૧૬૨૭થી ઈ૦ સ૦ ૧૬૫૭.

જહાંગીર પાદશાહના મરણ પછી **શાહજહાં** દિલ્હીની ગાદીએ આવ્યો. એના વખતમાં ગુજરાતના બાર સુબાઓ થયા. એના વખતમાં ઇ૦ સ૦ ૧૬૨૯માં ગુજરાતમાં મોટો દુકાળ પડયો. આ દુકાળ સંવત ૧૬૮૭માં પડયો હતો તેથી એ "**સતીયાશીયા**"ના નામથી ઓળખાય છે. આ દુકાળના વખતમાં ગુજરાતના ઘણાખરા ભાગમાં સદાવ્રતો (લંગરખાનાં) જારી કરવામાં આવ્યાં હતાં; જ્યાં લાચાર તથા ગરીબ માણસોને ભરણપોષણ કરવામાં આવતું હતું. એવી રીતે આવા દુઃખના દિવસોમાં ભલા શાહજહાંએ રૈયતનું પોષણ કર્યું,

ઇ૦ સ૦ ૧૬૩૩માં મખમલનો જરીન તંબુ જે

અમદાવાદના કારીગરોએ પોતાના હુનરથી સરકારી કારખાનામાં બનાવ્યો હતો અને જેની પાછળ એક લાખ રૂપીઆ ખર્ચ થયું હતું, તે શાહજહાં બાદશાહને મોકલવામાં આવ્યો.

આઝમખાન ઇ૦ સ૦ ૧૬૩૫માં ગુજરાતનો છઠ્ઠો સુબો થયો. એણે રૈયતને સુખી રાખવા લૂટારા તથા બંડખોરોનું જોર નરમ પાડયું. એક વખતે [1]ચુંવાલના કોળી કાનજીએ વેપારીઓનો માલ લૂટી લીધો હતો તેથી આઝમખાને કાનજીને સજા કરવાનો ઇરાદો કર્યો. કાનજીને તેની ખબર પડી. તે આઝમખાનનો શો મુકાબલો કરી શકવાનો હતો? રાતની વખતે તે આઝમખાન પાસે હાજર થયો અને જેટલો માલ એણે વેપારીઓ પાસેથી લૂટયો હતો તે સઘળો પાછો આપી દીધો અને પછી આવું કામ નહીં કરવા બાબત જામીનગીરી અને દશ હજાર રૂપીઆ દર વર્ષે આપવા કબુલ કર્યું.

કાઠી તથા કોળી જેઓ ગુજરાતમાં લૂટવાનું કામ કરતાં હતા અને જેથી રૈયતને ઘણી પીડા થતી હતી તેમને વશ કરવા **ભીલ** નામનું પરગણું જે અમદાવાદની પાસે છે ત્યાં **આઝમખાને** બે કિલ્લા બંધાવ્યા. એકનું નામ **આઝમાબાદ** અને બીજાનું નામ **ખલીલાબાદ** રાખ્યું. એણે બીજા ઘણા કિલ્લા બંધાવ્યા. જંગલોમાંથી ઝાડ વગેરે કપાવ્યાં. એટલા માટે કે લૂટારા લૂટફાટ કરી ત્યાં ભરાઇ ન રહે. તેમજ

---

(૧) અમદાવાદ જિલ્લાના વીરમગામ તાલુકામાં ૪૪ ગામોનો એક ભાગ છે જે ચુંવાલના નામથી ઓળખાય છે.

રસ્તા ઉપર થાણાં રાખ્યાં તે એટલા માટે કે મુસાફરો તથા વેપારીઓને આરામ મળે. એણે ભદ્ર સામે એક મોટું મકાન બંધાવ્યું જે મુસલમાનોના વખત સુધી શાળા તરીકે ઓળખાતું હતું. એ ઘણો ન્યાયી, ઉદાર તથા પરોપકારી હતો.

બારમો સુબો શાહઝાદા **મુરાદ** થયો. ઈ૦ સ૦ ૧૬૬૬ માં **શાહજહાં** માંદો પડયો. આ લાગ જોઈ શાહજહાંનો મોટો શાહઝાદો **દારા** બાદશાહ થવા ચાહતો હતો. તેનો નાનો ભાઇ **ઔરંગઝેબ** દક્ષિણનો સુબો હતો. દારાને એનો ઘણો ડર હતો. બાપની બીમારીની હકીકત પોતાના ભાઇઓને જાહેર કરવા દારાએ બંધી કરી તેથી દેશમાં જુદી જુદી વાતો ચાલવા માંડી. તે વખતે **મુરાદે** સાંભળ્યું કે બાદશાહ મરણ પામ્યો છે. તેથી તે ગુજરાતની ગાદીએ બેઠો અને તેણે પોતાના નામના સિક્કા પડાવ્યા તથા પોતાના નામનો ખુતબો પણ જારી કરાવ્યો. **ઔરંગઝેબ** ઘણો બહાદુર, ડાહ્યો તથા પરહેજગાર શાહઝાદો હતો. પોતાના બાપની બીમારીની ખબર સાંભળતાંજ તે બીમાર બાપને જોવા રવાના થયો. દારાએ કાંઇ ખટપટ કરી હતી તેથી ઔરંગઝેબે પોતાની ફોજ પણ સાથે લીધી હતી, અને પોતાના ભાઇ મુરાદને અમદાવાદ લખ્યું કે બાદશાહ મરણ પામ્યા નથી પણ બીમાર છે અને દારાના કબજામાં છે. માટે હું બાદશાહને જોવા જાઉંછું અને **નર્મદા** ઓળંગી તમે મને મળો. તેઓ બંને રસ્તામાં એકઠા થયા. જ્યારે તેઓ **ઉજ્જન** પહોંચ્યા ત્યારે **જશવંતસિંહ** તથા **કાસમખાનની** સાથે લડાઈ થઈ કે જેઓને દારા તરફથી શાહઝાદા ઔરંગઝેબને

રોકવા મોકલવામાં આવ્યા હતા. ઔરંગઝેબની મરજી લડાઇ કરવાની હતી નહીં તેથી તેણે જશવંતસિંહને ઘણો સમજાવ્યો પણ તેણે માન્યું નહીં. આખરે લડાઇ થઇ તેમાં જશવંતસિંહ હારીને નાશી ગયો. ત્યાર બાદ દિલ્હીની ગાદી માટે શાહજહાં બાદશાહના શાહઝાદાઓમાં લડાઈ થઈ અને આખરે **ઔરંગઝેબ** બાદશાહ થયો.

વાર્તા ૨૮મી. ઔરંગઝેબના વખતમાં સુબાઓ.

ઇ. સ. ૧૬૫૮થી ઈ. સ. ૧૭૦૭.

ઔરંગઝેબના વખતમાં બાર સુબાઓ થયા. ઇ. સ. ૧૬૫૮માં **જશવંતસિંહ** ગુજરાતનો બીજો સુબો નીમાયો. તેજ વર્ષમાં ગુજરાતમાં ભાંગનું વાવેતર કરવાની મનાઇ થઇ તથા ગુજરાતમાં જે જે અનાજ તથા ફળફૂલ પેદા થતાં તે ઉપર જકાત લેવાતી હતી તે બાદશાહી હુકમથી કાઢી નાંખવામાં આવી.

ત્રીજો સુબો ઇ. સ. ૧૬૬૧માં **મહાબતખાન** થયો. ઈ. સ. ૧૬૬૪માં શિવાજીએ સુરત લુટ્યું. તે વખત અંગ્રેજી કોઠીના અમલદારોએ પોતાની કોઠી તથા શહેરના કેટલાક લોકોને નુકસાનીમાંથી બચાવ્યા. તેથી બાદશાહી હુકમથી રૂ૦ ૨૫૦૦૦નું મહેસુલ અંગ્રેજોનું માફ થયું. શિવાજીએ સુરત લૂટ્યું તે વખતે શહેરને કિલ્લો નહોતો તેથી ઔરંગઝેબે કિલ્લો બાંધવાનો હુકમ કર્યો.

ઇ. સ. ૧૬૬૫માં આખા ગુજરાતમાં પાઠશાળાઓ કાયમ કરવાનો હુકમ કર્યો. પાંચમો સુબો રાજા **જશવંતસિંહ**

ઇ. સ. ૧૬૭૦માં ફરી નીમાયો. ઇ. સ. ૧૬૭૨માં માછલી, બકાલું, લીલોતરી, ઘાસ વગેરે વેચનારાઓ પાસેથી જકાત લેવામાં આવતી હતી તે બાદશાહે કાઢી નાંખી. જાત્રા વગેરેના કરો જે અસલથી હિંદુ રાજાઓના વખતથી આપવા પડતા હતા તે ઔરંગઝેબે કાઢી નાખ્યા. છઠ્ઠો સુબો **હાફીઝ મહંમદ અમીનખાન** ઇ. સ. ૧૬૭૨માં થયો. તેના વખતમાં રૂ૦ ૭૬૩૦૦ના ખર્ચે **દાહોદ**ની મસજીદ તથા ધર્મશાળા બાંધવામાં આવી તથા અમદાવાદના કિલ્લાની મરામત થઇ. ચોધરી તથા જાગીરદારો ગામોના ઇજારા પોતે લેતા હતા તેથી રૈયત ઉપર જુલમ થતો હતો તેથી બાદશાહના હુકમથી તે ઇજારો લેવાનું બંધ થયું. એવી રીતે બાદશાહે રૈયતને સુખી કરી.

દશમો સુબો ઇ. સ. ૧૭૦૦માં **શાહજાદો મહમદ આઝમશાહ** થયો. તેને ગુજરાતની આબો હવા માફક ન આવવાથી બાપની રજાથી ઇ. સ. ૧૭૦૪માં તે દિલ્હી ચાલ્યો ગયો.

અગીયારમો સુબો **શાહજાદો મહંમદ બેદારબખ્ત** ઇ. સ. ૧૭૦૬માં મુકરર થયો. એના વખતમાં ડચ લોકો વહાણ વગેરે લૂટવા લાગ્યા તેથી બાદશાહી હુકમથી ડચ લોકો જે બંદર ઉપર વેપાર કરતા હતા તેમને વેપાર કરતા અટકાવવામાં આવ્યા.

ઇ. સ. ૧૭૦૭માં **ઔરંગઝેબ** મરણ પામ્યો. ઔરંગઝેબ રૈયતની સંભાળ કરવામાં મુગલવંશના ઉતમ બાદશાહો પૈકી એક હતો. હિંદુઓ ઉપર પણ મહેરબાન હતો. કારણકે

એના વખતમાં તેઓ ગુજરાતની સુબેદારી વગેરે મોટા હોદ્દા ઉપર નીમાયા હતા. રાજા **જશવંતસિંહ** જેવા જે ઉજ્જન આગળ દારા તરફથી ઔરંગઝેબ સામે લડવા આવ્યો હતો તેને પણ અનેક વખત માફી આપી મોટી પદવીએ ચઢાવ્યો હતો. ઉપર બતાવ્યું છે કે બહુ ઔરંગઝેબે ઘણા કરો માફ કર્યાં, તેથી રૈયતને ઘણો ફાયદો થયો.

વાર્તા ૨૯મી. મુગલવંશના ગુજરાતમાં છેવટના સુબાઓ.

ઔરંગઝેબ પછી દિલ્હીની ગાદીએ ઇ. સ. ૧૭૦૭થી ઇ. સ. ૧૭૫૭ સુધી મુગલવંશના **નવ બાદશાહ** થયા હતા. તેમના વખતમાં **સત્તર સુબા** ગુજરાત ઉપર નીમાયા હતા. ઇ. સ. ૧૭૧૩માં **દાઉદખાન પનીં** નામે સુબો થયો હતો. એની ફોજ એના એવા કાબુમાં આવી હતી કે લડાઇના વખતમાં પણ કોઇ સિપાઇની હિંમત નહોતી ચાલતી કે તે કોઇ માણસના ખેતરમાંથી ડુંડા તોડે અથવા તો ઘાસનું તણખલું પણ માલેકની રજા વગર લઈ શકે.

ઇ. સ. ૧૭૧૯માં **અજીતસિંહ** સુબો નીમાયો. તે વખતે મરેઠાના સરદાર **પીલાજી ગાયકવાડે સુરત** બંદર તરફ લુંટફાટ શરૂ કરી (બંડ કર્યું) અને ઘણાં ગામો તારાજ કર્યાં અને દરસાલ હુમલો કરતો રહ્યો. અજીતસિંહનો નાયબ સુબો અનુપસિંહ ભંડારી હતો. તે રૈયત ઉપર ઘણો જુલમ કરતો હતો.

ઈ. સ. ૧૭૨૫માં મરેઠાના સરદાર **અન્તાજી ભાસ્કરે**

વડનગરને ઘેરો ઘાલ્યો. ત્યાં નાગરો ઘણા પૈસાદાર હતા. તેઓએ અન્તાજીને ચાર લાખ રૂપીઆ આપી પોતાના જીવ બચાવ્યા. ત્યાર પછી **કંથાજી**એ પણ વડનગરને ઘેરો ઘાલ્યો પણ તે વખતે નાગરો પાસે આપવાને કાંઇ પૈસા નહોતા તેથી શહેર છોડી ચાલ્યા ગયા. કંથાજીએ શહેરમાંથી જે કાંઇ માલ વગેરે મળ્યું તે લઇને શહેરને આગ લગાડી બાળી નાખ્યું. પછી તે **ઉમરેઠ** તરફ ગયો. અને તેને પણ આગ લગાડીને ઉજડ કર્યું. ત્યાર પછી પીલાજીએ **સોનગઢ**, **વડોદરા** તથા **ડભોઇ**નો કબજો લીધો તેથી તે વખતના ગુજરાતના સુબા મહારાજા અભયસિંહને ઘણું માઠું લાગ્યું અને તે પીલાજીને પોતાનો દુશ્મન ગણતો હતો તેથી તેણે એક મારવાડી પાસે પીલાજી ગાયકવાડનું ખુન કરાવ્યું. તે વખતે મરેઠા વડોદરા ખાલી કરીને ડભોઇમાં આવી રહ્યા. અને વડોદરા [1]**શેરખાન બાબીને** સોંપવામાં આવ્યું પણ પાછળથી શેરખાન બાબી પોતાની જાગીર વાડાસીનોર ગયો હતો. એ લાગ જોઇ પીલાજીના ભાઇ **મહાદજી** ગાયકવાડે ઇ. સ. ૧૭૩૪માં વડોદરાનો કબજો લીધો જ્યારથી આજદીન સુધી વડોદરા ગાયકવાડ સરકારના તાબામાં ચાલ્યું આવે છે.

જ્યારે મહારાજા **અભયસિંહના** જુલમો વગેરેની ફરિયાદો બાદશાહની હજુરમાં થઇ ત્યારે તેને સુબેદારીથી દૂર કરવામાં આવ્યો અને **મોમીનખાન** ગુજરાતનો સુબો

---

(૧) શેરખાન બાબી તે વખતના એક પ્રખ્યાત સરદાર હતા. જુનાગઢ, રાધનપુર અને વાડાસીનોરના નવાબો એમની ઓલાદના છે.

નીમાયો. મોમીનખાન અમદાવાદ ગયો પણ **રતનસિંહ ભંડારી** જે નાયબ સુબો હતો તે તેના સામે થયો. તેથી મોમીનખાને **કાંકરીયા** તળાવ પાસે મુકામ કર્યો. ભંડારીએ મરેઠાઓને લખ્યું કે જો તમે મારી મદદે આવો તો હું તમને ગુજરાતની અરધી આવક આપવા ખુશી છું. **દામાજીએ** ભંડારીનો કાગળ મોમીનખાનને દેખાડયો ત્યારે તેણે તેજ શરત મરેઠા સાથે કબુલ કરી. તેથી મરેઠાઓએ મોમીનખાનની તરફદારી કરી. મરેઠાઓએ અમદાવાદ ઉપર ગોળા નાખવા શરૂ કર્યા જેથી શહેરમાં ઘણું નુકસાન થયું, અને ભંડારી શહેર છોડી ચાલ્યો ગયો અને મોમીનખાન શહેરમાં દાખલ થયો. હવે કરાર મુજબ શહેરના બે ભાગ થયા. એક ભાગ ઉપર મુગલ સુબાની સત્તા હતી અને બીજા ભાગ ઉપર મરેઠાની સત્તા હતી. શહેરના બે ભાગ પાડી બે જુદી જુદી કોમ રાજ્ય કરતી હોય એવું દુનિયામાં અમદાવાદ સિવાય બીજે ઠેકાણે બન્યું નથી.

આ વખતમાં મરેઠા અને મુસલમાનોમાં ઘણી લડાઇઓ થઇ, તેમાં દરેક વખતે મરેઠા સરદાર **રંગોજી** અને **મોમીનખાનની** કોશીશથી સલાહ થઇ જતી હતી. મોમીનખાન ઇ૦ સ૦ ૧૭૪૩માં મરણ પામ્યો ત્યાર પછી મુસલમાનો મરેઠાઓને કાઢી ગુજરાતના માલેક થયા. તે વખતમાં ગુજરાતના સુબાઓમાં તથા મરેઠાઓમાં ઘણી લડાઇઓ થતી રહી તેમજ મરેઠા પણ માંહોમાંહે લડતા હતા. પણ આખરે ઇ૦ સ૦ ૧૭૫૭માં મરેઠા ગુજરાતના માલેક થયા.

પ્રકરણ ૬ઠું.

વાર્તા ૩૦મી. મરાઠી રાજ્ય.

ઇ० સ० ૧૭૫૭માં ગુજરાત પ્રાંત મરેઠાઓના હાથમાં આવ્યો. તે વખતે મરાઠી રાજ્ય પેશ્વા અને ગાયકવાડ એવી બે શાખાઓની વચ્ચે સરખે ભાગે વહેંચાએલું હતું. ગાયકવાડની રાજધાની વડોદરામાં હતી અને પેશ્વાની રાજ્ય ગાદી પુનામાં હતી અને પેશ્વા તરફથી એક સુબો અમદાવાદમાં રહેતો. તેણે કાઠિયાવાડમાં રજવાડાઓ તથા જમીનદારો પાસેથી ચોથ ઉઘરાવી. તેવીજ રીતે દામાજી ગાયકવાડે પણ કાઠિયાવાડમાં ચોથ ઉઘરાવી.

મરાઠાઓએ પાણીપતના મેદાનમાં ઇ० સ० ૧૭૬૧માં અહમદશાહ અબ્દલીના હાથથી સખત હાર ખાધી અને તેમાં બે લાખ મરાઠાઓ માર્યા ગયા. આ બનાવથી મરાઠાઓનું જોર ઘણું નરમ પડી ગયું.

દામાજી ગાયકવાડ ઇ० સ० ૧૭૬૮માં પોતાની પાછળ સીયાજી, ગોવિંદરાવ, માનાજી, અને ફતેહસીંગ નામના પુત્રો મૂકી મરણ પામ્યો. તેઓ સઘળા ગાદી માટે લડતા હતા. પુનાનો પેશ્વા ઘણો જોરાવર હતો. તેથી તે ગાયકવાડ ઉપર સર્વોપરી સત્તા ભોગવતો હતો. તેણે ગોવિંદરાવ પાસેથી નજરાણું લઈ તેને ગાદીનો વારસ ઠરાવ્યો; આથી ગોવિંદરાવે પોતાના મોટાભાઇ સીયાજીનો ગાદીનો હક ડુબાવ્યો. ગાયકવાડના

કુટુંબમાં અંદર અંદર ઝગડો રહે તેમાં પેશ્વા રાજી હતો. ગાયકવાડી સત્તાનું જોર ઓછું થાય, તેથી તેણે પાછળથી ગોવિંદરાવને વારસ તરીકે નામંજુર કર્યો અને તેના મોટા ભાઈ સીયાજીને ગાદીનો ખરો વારસ ઠરાવ્યો. પણ સીયાજી ઘણો નબળા મનનો હતો તેથી તેનાથી રાજ્યનું કામ બરાબર થઇ શક્યું નહીં.

ઇ૦ સ૦ ૧૭૭૨માં માધવરાવ પેશ્વા મરી ગયો. એ અપુત્ર હોવાથી તેનો કાકો રૂગનાથરાવ ગાદીએ બેઠો. તેણે ગોવિંદરાવને ગાયકવાડના વારસ તરીકે કબુલ કર્યો. નારાયણરાવની સ્ત્રીને તેના મરણ પછી છોકરાનો જન્મ થયો. તેથી પ્રધાન મંડળે તેને પેશ્વા તરીકે કબુલ રાખ્યો. તેથી રૂગનાથરાવ પુનેથી નાશીને વડોદરે આવ્યો. ફતેહસીંગ અને ગોવિંદરાવ એ બંને ભાઇઓ ગાદી માટે એક બીજા સાથે લડતા હતા. તેથી ગોવિંદરાવ તરફથી રૂગનાથરાવે અંગ્રેજોની મદદ માંગી. ઇ૦ સ૦ ૧૭૭૫માં સુરત મુકામે તેહનામું થયું. તે એવી શરતે કે મદદ બદલ અંગ્રેજોને થોડો મુલક આપવો. અંગ્રેજોએ કોશીશ કરી ફતેહસીંગ તથા રૂઘનાથરાવ વચ્ચે સલાહ કરાવી. તે બદલ અંગ્રેજોને કેટલાક હક તથા મુલક મળ્યો.

ફતેહસીંગ ઇ૦ સ૦ ૧૭૮૯માં મરણ પામ્યો. તેના પછી માનાજીએ પેશ્વાને નજરાણું આપી ભોળા સીયાજીના નામથી ગાયકવાડી રાજ્ય સત્તા પોતાના હાથમાં લીધી. પણ તે તથા સીયાજી બંને ઇ૦ સ૦ ૧૭૯૩માં મરણ પામ્યા તેથી તેમની પછી ગોવિંદરાવ ગાદીએ આવ્યો.

ગોવિંદરાવના વખતમાં આબા સેલુકર નામે પેશ્વા તરફથી તેના ગુજરાતના ભાગનો અમદાવાદમાં સુબો હતો. તે ઘણો જુલમી હતો. તેણે રૈયત ઉપર ભારે અને નવા કર મૂકયા, જેથી ગરીબોને ઘણું દુઃખ થતું હતું. તેણે અમદાવાદમાં ભદ્રમાં એક મોટું [1]મકાન બંધાવ્યું. તેની મજુરીના તથા સામાનનો કોઇને એક પણ પૈસો આપ્યો નહીં. તેના જુલમ સંબંધી ઘણી વાતો છે જે નવરાત્રિમાં સ્ત્રીઓ ગરબાના રૂપમાં ગાય છે. તેણે અમદાવાદમાંની ગાયકવાડની હવેલી ઉપર હુમલો કરવાની હિંમત ધરી, તેથી ગોવિંદરાવ ગાયકવાડે ગુસ્સે થઇને તેની ખબર પેશ્વાને આપી. પેશ્વા પણ તેનાથી નાખુશ હતો તેથી તેણે ગાયકવાડને હુકમ કર્યો કે તેને એકદમ અમદાવાદમાંથી કાઢી મૂકવો. તેથી ગાયકવાડ તેની સામે લડવાને તૈયાર થયો. ગાયકવાડના લશ્કરના ઉપરી બાબાજીએ અમદાવાદ ઉપર ચઢાઇ કરી, ઘેરો નાંખી, અમદાવાદ સર કર્યું. સેલુકરને કેદ પકડયો અને વડોદરે મોકલવામાં આવ્યો. સેલુકર જુલમી હતો એટલુંજ નહીં પણ તે ઘણો દુરાચારી હતો, અને તેના દરબારમાં હમેશાં નાચરંગ થતા હતા. જ્યારે ગાયકવાડના લશ્કરની તેને ખબર મળી, તે વખતે તેના દરબારમાં ગાનતાન થતું હતું. તેથી એકદમ બોલી ઉઠયો કે કંઇ હરકત નથી, તેમને આવવા દો. જ્યારે તેને ખબર મળી કે દુશ્મનનું લશ્કર ભદ્ર સામેના ત્રણ દરવાજા સુધી આવ્યું ત્યારે પણ તેણે તેવોજ જવાબ વાળ્યો.

૧ હાલમાં આ મકાનમાં દિવાની વગેરે કોર્ટો છે.

પણ પોતાના બચાવ માટે કંઈજ તૈયારીઓ કરી નહીં. તેની બેવકુફીની નીચેની મતલબની એક કહેવત છે કેઃ—

હાથમાં દંડો, બગલમાં મોઇ,
હવેલી લેતાં, ગુજરાત ખોઇ.

સેલુકરને આવી રીતે અમદાવાદમાં કેદ કરાવ્યા પછી પેશ્વાએ ગુજરાતનો પોતાનો ભાગ ગાયકવાડને પાંચ વર્ષ માટે વાર્ષિક રૂપીઆ પાંચ લાખ લેખે ઇ૦ સ૦ ૧૮૦૦થી ઇજારે આપ્યો. આ કરારથી ગાયકવાડને ઘણો ફાયદો થયો અને લોકો પણ કંઇ સુખી થયા, કારણકે પેશ્વા અને ગાયકવાડ બંનેનો અમલ હોવાથી રૈયતને ઘણું દુઃખ વેઠવું પડયું હતું. અને આ ઉપરના કરારથી પેશ્વાની સત્તાનો અંત આવ્યો.

ઇ૦ સ૦ ૧૮૦૦માં ગોવિંદરાવ ગાયકવાડ મરણ પામ્યો. તેના મોટા દીકરા અનંતરાવને પ્રધાન મંડળે વારસ તરીકે કબુલ રાખ્યો પણ તે ઘણો નબળો હતો, તેથી તેના સાવકા ભાઇ કાનાજીએ પ્રધાનપદ ધારણ કર્યું અને તેથી આખા રાજ્યની સત્તા તેણે પોતાને હાથ કરી પણ તેને પાછળથી ઉડાડી મૂકવામાં આવ્યો. તેથી અનંતરાવ અને કાનાજી બંને કજીઓ કરવા લાગ્યા. બંને એ અંગ્રેજોની મદદ માંગી પણ અંગ્રેજોએ અનંતરાવને મદદ કરી.

આ વખતે ગાયકવાડ એવી ખરાબ હાલતમાં હતો કે તેને અંગ્રેજોની મદદ મેળવ્યા વગર ચાલે તેમ નહતું, તેથી દેશના બચાવ માટે અંગ્રેજોએ વડોદરે એક મોટું લશ્કર

રાખ્યું હતું. ગાયકવાડના દરબારમાં મેજર વોકર પોલીટીકલ રેસીડન્ટ તરીકે ઇ૦ સ૦ ૧૮૦૨માં નીમાયો. તેણે ગાયકવાડના વસુલાત ખાતામાં ઘણા સુધારા કર્યા.

આવી રીતે અંગ્રેજોએ ગાયકવાડને સારી મદદ આપી હતી તેથી તેના બદલામાં તેમને ઇ૦ સ૦ ૧૮૦૨માં કેટલોક મુલક તથા હક મળ્યા.

થોડા વખત પછી રેસીડેન્ટ મેજરવોકરે પોતાનું લક્ષ મુલ્કગીરી-કે જેને માટે કાઠિયાવાડની અંદર ગાયકવાડી લશ્કર બીજા રજવાડાઓ પાસેથી દર વર્ષે ખંડણી લેવા માટે ફરતું હતું તેના તરફ ખેંચ્યું. આ ખંડણી ઉઘરાવવા માટે ગાયકવાડને વારંવાર ઘણો ખરચ કરવો પડતો હતો અને દેશને ઘણી કનડગત અને હાનિ પહોંચતી હતી. કેટલીક વખતે કેટલાક રજવાડાઓ ગાયકવાડની સામે થતાં હતાં. તેથી ખંડણી મોટા લશ્કરની મદદ વગર ઉઘરાવવામાં આવતી નહોતી. તેને લીધે વખતો વખત મરાઠી લશ્કરના જવા આવવાથી પાકને ઘણું નુકસાન પહોંચતું હતું, અને ગામડાઓ લૂંટાઇને તારાજ થઇ જતા હતા. વોકર સાહેબે આ અંધેર મટાડવાનો નિશ્ચય કર્યો અને પોતે ઇ૦ સ૦ ૧૮૦૭ની મુલ્કગીરીની ચઢાઇમાં જોડાયો. સારી રીતે તપાસ કરી પછી અંગ્રેજ સરકારે તેની મારફત દરેક રજવાડાએ અમુક મુકરર કરેલ ખંડણી આપવાનો ઠરાવ કર્યો.

ઇ૦ સ૦ ૧૮૦૦ની સાલથી પેશ્વાનો ગુજરાતનો ભાગ ગાયકવાડને ઇજારે આપ્યો હતો અને ત્યારથી વારંવાર ગાય-

કવાડ અને પેશ્વા વચ્ચે હિસાબ તથા ઇજારા સંબંધી બખેડા થતા હતા અને કેટલીકવાર પેશ્વા અંગ્રેજો સામે કાવતરાં કરતા હતા.

આખરે અંગ્રેજોએ અમદાવાદનો કબજો લીધો. આથી પેશ્વા અંગ્રેજોથી નાખુશ થયો. તેથી તેણે પુનામાં રેસીડેન્ટનું ખૂન કરવાનું કાવતરૂં કર્યું, અને અંગ્રેજોના દેશી લશ્કરમાં નારાજી ફેલાવી. તેનું કાવતરૂં જાહેર થઈ ગયું અને અંગ્રેજ અને પેશ્વા વચ્ચે કેટલીક લડાઇઓ થઈ પણ આખરે અંગ્રેજોની ફતેહ થઇ, અને તેથી પેશ્વાના અમલનો છેડો આવ્યો અને પેશ્વાનો મુલક તથા હક વગેરે ઇ૦ સ૦ ૧૮૧૮માં અંગ્રેજોના હાથમાં આવ્યાં.

અનંતરાવ ગાયકવાડ ઇ૦ સ૦ ૧૮૧૯માં મરણ પામ્યો. તેનો ભાઇ સીયાજી તેની પછી ગાદીએ આવ્યો. તેને અંગ્રેજો સાથે કોલકરારમાં વાંધો પડયો પણ પાછળથી તેણે અંગ્રેજોની માફી માંગી. અને ઇ૦ સ૦ ૧૮૪૦માં તહનામું થયું અને દરેક મતભેદનો અંત આવ્યો. તે ઇ૦ સ૦ ૧૮૪૭મા મરણ પામ્યો. તેનો મોટો દીકરો ગણપતરાવ ગાદીએ આવ્યો. તે ઇ૦ સ૦ ૧૮૫૬માં નવ વર્ષ રાજ્ય કર્યા પછી મરણ પામ્યો. અને તેને કંઈ ઓલાદ ન હોવાથી તેનો ભાઇ ખંડેરાવ તેની પછી ગાદીએ આવ્યો. તેણે ઘણા સુધારા કર્યા અને ઘણાં જાહેર બાંધકામો બંધાવ્યાં. વડોદરા પાસે મકરપુરા નામનું ગામડું છે ત્યાં આગળ તેણે એક મોટો બાગ તથા આલીશાન મહેલ બંધાવ્યાં. ઇ૦

સ૦ ૧૮૬૩માં એક કાવતરું માલુમ પડ્યું કે તેનો ભાઇ મલ્હારરાવ મહારાજને મારી નાંખવા કોશીશ કરે છે તેથી તેને પાદરાના કિલ્લામાં કેદ કરવામાં આવ્યો. ખંડેરાવને કસરતનો બહુ શોખ હતો. તેના અમલ દરમ્યાન અનેક અખાડાઓ સ્થપાયા હતા. તે શરીરે બળીષ્ટ અને કસાયલો હતો. ખંડેરાવ ઇ૦ સ૦ ૧૮૭૦માં મરણ પામ્યો.

ખંડેરાવને પુત્ર ન હોવાથી તેનો ભાઇ મલ્હારરાવ કે જે કેદ હતો તેને ગાદી મળી. મલ્હારરાવથી રૈયત ઘણી નાખુશ હતી, કારણ કે તેના વખતમાં રાજ્યમાં અંધેર ચાલતું હતું. તેથી આખરે અંગ્રેજ સરકારે ઇ૦ સ૦ ૧૮૭૫માં તેને કેદ કરી મદ્રાસ મોકલી દીધો.

ગાયકવાડના વંશની તપાસ કરતાં માલુમ પડે છે કે હાલના ગાયકવાડ શીયાજીરાવને વડોદરા રાજ્યના સ્થાપક પીલાજીરાવના ખરા વારસદાર તરીકે ઇ૦ સ૦ ૧૮૭૫માં કબુલ કરવામાં આવ્યા છે. અને ઇ૦ સ૦ ૧૮૮૧માં તેમને ગાદી સોંપવામાં આવી. તેમણે રાજ્યમાં ઘણા સુધારા કર્યા અને કેટલાક ગેરવાજબી કરો કાઢી નાંખ્યા. હાલમાં તેઓ કેળવણી તરફ બહુ સારૂં લક્ષ આપે છે. તેઓ પોતાના રાજ્યમાં ઘણી કાળજી રાખે છે અને જાહેર બાંધકામને ઘણું ઉ-તેજન આપે છે.

પ્રકરણ ૭ મું.

વાર્તા ૩૧મી, અંગ્રેજી રાજ્ય.

ઇ૦ સ૦ ૧૬૦૭માં હિંદુસ્તાનના જહાંગીર બાદશાહના વખતમાં [1]અંગ્રેજ લોકો વેપાર કરવાના ઇરાદાથી સુરતમાં આવ્યા. ઇ૦ સ૦ ૧૬૧૬માં બાદશાહે તેમને ખંભાત, સુરત, અમદાવાદ અને ઘોઘામાં વેપાર કરવાની પરવાનગી આપી. તેઓએ પહેલાં સુરતમાં કોઠી (વખાર) નાંખી અને ત્યાર પછી બીજા શહેરોમાં પણ નાંખી.

ઇ૦ સ૦ ૧૬૫૧ સુધી અંગ્રેજ લોકો માત્ર વેપારજ કરતા હતા અને પછી રાજ્ય કરવાના ઇરાદાથી રાજ્ય મામલામાં હાથ ઘાલવા લાગ્યા. થોડા વખતમાં સુરતના નવાબનો પણ મુલક તેમના હાથમાં આવ્યો. મરાઠાઓએ ગુજરાતના સુબાઓ પાસેથી ઘણોખરો ભાગ લઇ લીધો હતો. ઇ૦ સ૦ ૧૮૨૦ સુધીમાં અંગ્રેજોની સત્તા તેઓ ઉપર જામી. ઇ૦ સ૦ ૧૬૬૧માં કંપનીને [2]મુંબઇ બંદર મળ્યું

---

૧ અંગ્રેજ લોકોની આ વેપારી પેઢી "ઇસ્ટ ઈન્ડીયન કંપની"ના નામથી ઓળખાતી હતી. તેમને ઇંગ્લાંડની રાણી–ઇલીઝાબેથ પાસેથી હિંદુસ્તાનમાં વેપાર કરવા અર્થે સનંદ મળી હતી. એટલે એ વેપારીઓ સિવાય કોઈપણ અંગ્રેજ વેપારી હિંદુસ્તાનમાં વેપાર કરી શકતો નહોતો.

૨ પોર્ટુગાલના રાજાએ પોતાની કુંવરીના લગ્ન ઇંગ્લાંડના રાજા ચાર્લસ (બીજા) સાથે કર્યાં ત્યારે મુંબઇ બેટ તેમને પહેરામણીમાં આપ્યો હતો.

હતું. તે વખતે તે માત્ર નાનું ગામડું હતું. તેમાં તે વખતે માછીઓ રહેતા હતા. શરૂઆતમાં કંપનીનો પ્રેસીડેન્ટ સુરતમાં રહેતો હતો અને ડેપ્યુટી પ્રેસીડેન્ટ મુંબઇમાં રહેતો હતો; અને રાજધાની સુરતમાં હતી. પણ ઇ૦ સ૦ ૧૬૮૬માં મુંબઇ રાજધાનીનું શહેર થયું અને સુરતની કોઠી કાયમ રહી.

ઇ૦ સ૦ ૧૮૪૪માં અંગ્રેજ સરકારે મીઠા ઉપર કર નાંખ્યો તેથી સુરતના લોકોએ બળવો કર્યો, જેથી મુંબઇથી એક મોટું લશ્કર મોકલવું પડયું હતું. પણ આખરે બળવો જલદીથી સમાઇ ગયો અને કર લેવાનું નકી થયું.

ઇ૦ સ૦ ૧૮૫૩માં ગુજરાતમાં આગગાડી દાખલ થઇ.

ઇ૦ સ૦ ૧૮૫૭માં તાર નાંખવામાં આવ્યા.

ઇ૦ સ૦ ૧૮૫૭માં હિંદુસ્તાનમાં મોટો બળવો થયો. પણ તેની અસર ગુજરાતમાં બહુ થોડી થઇ હતી. બળવાનું પરિણામ એ આવ્યું કે જે કંપની રાજ્ય કરતી હતી તેની પાસેથી રાજ્યની સત્તા લઇને ઇંગ્લાંડની મહારાણી વિકટોરિયાના હાથમાં આપવામાં આવી. જે સમયે ગુજરાતમાં અંગ્રેજી રાજય થયું તે વખતે ગુજરાતની સ્થિતિ એવી ખરાબ હતી કે પહેલાં કોઇપણ વખતે તેવી સ્થિતિ ખરાબ નહોતી. શાંતિ વગેરેનું નામ નહોતું- દરેક ઠેકાણે લુટ ચાલતી

હતી. બ્રિટિશ અમલને લીધે દેશમાં પૂરેપૂરી શાંતિ પ્રસરી. એટલે બહારના હુમલાનો ભય જરાપણ રહ્યો નહીં અને અંદર અંદરના ઝગડા પણ બંધ પડયા. મુસાફરી માટે ઠેર ઠેર રેલ્વે થઇ અને મોટા મોટા પુલો બાંધવામાં આવ્યા. રેલ્વેની શાખાઓ પણ થઇ ગઈ, એટલે સુધી કે મુસાફરી કરવી તદ્દન સહેલી અને ભય વિનાની થઈ પડી.

ઇ૦ સ૦ ૧૮૬૭મા અમદાવાદમાં ઘણો વરસાદ થયો. આસરે ૧૦ હજાર ઘર પડી ગયાં અને ૧૦ લાખ રૂપીયાનું નુકસાન થયું.

નામદાર મહારાણી વિકટોરિયાએ **કૈસરેહિન્દ**નો માનવંતો ખિતાબ ધારણ કર્યો તેથી તા૦ ૧ જાન્યુઆરી સન ૧૮૭૭માં દિલ્હીમાં મોટો દરબાર ભરવામાં આવ્યો. અને અને તેની ખુશાલીમાં ગુજરાતમાં દરેક ઠેકાણે ધામધૂમ કરવામાં આવી,

ઇ૦ સ૦ ૧૮૮૭માં મહારાણી વિકટોરિઆના રાજ્યને ૫૦ વર્ષ પૂરાં થયાં હતાં તેથી દરેક ઠેકાણે મોટી ધામધૂમ થઇ અને તે જ્યુબીલીના નામથી ઓળખાય છે. આપણા ગુજરાતમાં પણ દરેક ઠેકાણે તે ધામધૂમ થઇ હતી.

ઇ૦ સ૦ ૧૮૮૮માં મોટો દુકાળ પડયો, અને સંવત ૧૯૩૪ હોવાથી તે દુકાળ **ચોત્રીસા**ના નામથી ઓળખાણો. એ દુકાળની અસર કાઠિયાવાડમાં બહુ થઇ હતી.

ઇ૦ સ૦ ૧૮૮૯માં સુરતમાં મોટી આગ લાગી; અને શહેરનો ઘણોખરો ભાગ બળી ગયો. એજ સાલમાં

મહારાણી વિકટોરિયાના પાટવી કુંવર **પ્રિન્સ ઑફ વેલ્સ** હિંદુસ્તાનમાં આવ્યા, અને ગુજરાત કાઠિયાવાડના મોટાં મોટાં શહેરોમાં કેટલાક દિવસો આનંદમાં ગુજાર્યા.

ઈ૦ સ૦ ૧૮૯૧માં વસ્તી પત્રક થયું; અને અમદાવાદમાં પાણીના નળ શરૂ કરવામાં આવ્યા.

ઈ૦ સ૦ ૧૮૯૬ના આખરમાં મરકી (પ્લેગ) મુંબઇમાં ફેલાઇ તેથી હજારો માણસો તેમાં મરણ પામ્યાં. અને તે બીમારી મુંબઇની આસપાસ પ્રસરતી ચાલી. બ્રીટીશ સરકારે તેના અટકાવ માટે ઘણા ઇલાજો લીધા હતા.

ઈ૦ સ૦ ૧૮૯૭માં મહારાણી વિકટોરિયાના અમલને ૬૦ વર્ષ પુરાં થવાથી તેની ખુશાલી ઉજવવામાં આવી જે **ડાયમંડ જ્યુબીલી** કહેવાય છે. ગુજરાતના દરેક નાના મોટા ગામમાં ધામધૂમ કરવામાં આવી.

ઈ૦ સ૦ ૧૮૯૯માં ગુજરાતમાં મોટો દુકાળ પડયો. તે વખતે સંવત ૧૯૫૬ હતો તેથી તે **છપ્પનીયા**ના નામથી ઓળખાય છે. અનાજ અને ઘાસ ઘણી મુસીબતથી મળતું હતું. સરકાર તરફથી તે વર્ષમાં ગરીબ વર્ગના લોકોના નિભાવ માટે ઘણાં કામો કાઢવામાં આવ્યાં જેવાં કે તળાવ, કુવા, રસ્તાઓ વગેરે, અને આવી રીતે ગરીબ લોકોને મજુરીએ લગાડી તેમનો નિભાવ કર્યો.

ઈ૦ સ૦ ૧૯૦૧માં મહારાણી વિકટોરિયા મરણ પામ્યાં તેથી રૈયતે દરેક ઠેકાણે દિલગીરી જાહેર કરી અને સાતમા **એડવર્ડ** ગાદીએ આવ્યા. ઈ૦ સ૦ ૧૯૦૩માં **દિલ્હી**માં

મોટો દરબાર ભરવામાં આવ્યો. તે પ્રસંગે હિંદુસ્તાનના ઘણા ખરા રજવાડાઓ આમંત્રણ થવાથી હાજર થયા હતા.

ઈ૦ સ૦ ૧૯૦૫માં **પ્રિન્સ ઓફ વેલ્સ,** હાલના શહેનશાહ **જ્યોર્જ** હિંદુસ્તાનમાં મુસાફરી માટે પધાર્યા. હિંદના મોટા મોટા શહેરોમાં ફર્યા, લોકોએ તેમનો બહુ આદર સત્કાર કર્યો.

ઈ૦ સ૦ ૧૯૧૦માં શહેનશાહ એડવર્ડ મરણ પામ્યા. તેઓ ઘણા ભલા હતા તેથી તેઓ **ભલા એડવર્ડ**ના નામથી ઓળખાયા.

તા૦ ૨૨મી જુન સને ૧૯૧૧ના રોજ આપણા શહેનશાહ **પાંચમા જ્યોર્જ**ની રાજ્યાભિષેકની ક્રિયા **લંડન**માં થઇ. તે દિવસ આનંદમાં ઉજવવામાં આવ્યો અને ઘણી ધામધૂમ કરવામાં આવી. ત્યાર પછી ઇ૦ સ૦ ૧૯૧૧ની આખરમાં આપણા શહેનશાહ તથા શહેનશાહ બાનુ હિંદુસ્તાનમાં પ્રથમ મુંબઇ પધાર્યા અને ત્યાર બાદ દિલ્હી પધાર્યા. તા૦ ૧૨મી ડીસેમ્બર સને ૧૯૧૧ના રોજ અસલની રાજધાની દિલ્હીમાં મોટો દરબાર ભરવામાં આવ્યો. તે પ્રસંગે હિંદના બધા રજવાડાઓને નોતરવામાં આવ્યા. બ્રિટિશ રાજ્યની રાજધાની **કલકત્તા**ને બદલે હવે **દિલ્હી** કરવામાં આવી. બ્રિટિશ રાજ્ય અમલમાં શહેનશાહ જાતે હિંદમાં આવ્યાનો આ પહેલોજ દાખલો હતો, જેથી હિંદુસ્તાનની રૈયતના આનંદનો પાર રહ્યો નહીં અને દરેક શહેરમાં અને ગામમાં ઘેરઘેર રોશની કરવામાં આવી. અને તે દિવસ એક મોટા તહેવાર પ્રમાણે ઉજવવામાં આવ્યો.

વાર્તા ૩૨મી. બ્રિટિશ રાજ્યથી દેશમાં થએલા સુધારા.

રૈયતની કેળવણી માટે ગામેગામ સ્કુલો સ્થાપવામાં આવી. હુન્નર ઉદ્યોગના શિક્ષણ માટે હુન્નરશાળા કાઢવામાં આવી. દરદીઓને રોગથી પીડાતા અટકાવવા માટે દવાખાનાં ખોલ્યાં, (રૈયતને) આરોગ્ય રાખવા માટે શહેર સુધરાઇ ખાતાં (મ્યુનિસિપાલીટી) કાઢવામાં આવ્યાં. લોકોના જાનમાલનું રક્ષણ કરવા અને બંદોબસ્ત રાખવા માટે પોલીસ ખાતું રાખવામાં આવ્યું. (દેશની રૈયતના) રોજગાર માટે લુગડાં વણવાની મીલ, કપાસ લોઢવાનું જીન, ગાંસડી બાંધવા માટે પ્રેસ વગેરે અનેક જાતનાં સંચા દેશમાં દાખલ કર્યા. જે ઉપર લાખો માણસોનો રોજગાર ચલે છે. પાણીના સુખ માટે દેશમાં પાણીના નળ દાખલ કર્યા. દરીઆની નિર્ભય મુસાફરી માટે આગબોટો વાપરવામાં આવી અને જમીનની નિર્ભય મુસાફરી માટે રેલવે દાખલ કરવામાં આવી. ઉપરાંત ટપાલ ખાતું અને તારખાતું સ્થાપી દેશની હજારો અડચણો દૂર કરી છે. આગલના વખતના લૂટારાઓનો ભય દૂર થતાં હવે પુરતો આરામ મળેલ છે. દેશની આબાદી માટે ખેતીવાડી પર પુરતું લક્ષ આપવામાં આવે છે. ખેતીવાડીને લગતાં જાનવરો અને ઘોડા વગેરેની જાત સુધારવા તેમને થતા રોગો અટકાવવા હજારો ઇલાજો યોજવામાં આવે છે. દેશમાં પડતા દુકાળ અને મરકી વગેરે ભયંકર રોગો માટે સરકાર રૈયતને બચાવવા ઘણા ઇલાજો લે છે. આપણા બ્રિટિશ સરકારના રાજ્ય અમલમાં આપણને સર્વે બાબતમાં પુરતું

સુખ મળે છે. તેના રાજ્યમાં અદલ ઇન્સાફ મળે છે. સર્વ ધર્મના પંથને માટે છુટ છે. એવા ન્યાયી અને દયાળુ સરકાર પ્રત્યે હમેશા વફાદાર રહી તેમનું કલ્યાણ થાઓ તેમ અંતઃકરણપૂર્વક ઇચ્છવું જોઇએ.

કાઠિયાવાડ, મહીકાંઠા, રેવાકાંઠા વગેરે ભાગનાં દેશી રાજ્યો, અંગ્રેજ સરકારની સર્વોપરિ સત્તાના વહીવટનો નમુનો જોઇ, પોતાના રાજ્યમાં ઘણા સુધારા કરે છે. સરકારની સલાહથી તેમણે ન્યાય અને મહેસુલ ખાતામાં સુધારા કર્યા છે. રસ્તા, રેલવે અને પાણીનાં બાંધકામો કર્યાં છે, કેળવણીને ઉત્તેજન આપ્યું છે તથા દવાખાનાં કાઢ્યાં છે.

સમાપ્ત.

અમારી તરફથી છપાયલાં પુસ્તકો.

(૧) મિરાતે આલમગીરી (ગુજરાતીમાં શાહેનશાહ ઔરંગઝેબનો ઇતિહાસ.) કી. રૂ. ૩

(૨) સદ્‌ગુણી નસીમા „ „ ૧

નીચેના ઠેકાણેથી મલશે.

(૧) એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની કાલબાદેવી રોડ, મુંબઇ
(૨) ફીરોઝશાહ દીનશાહ મુકાદમ ચર્ચગેટ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઈ
(૩) જહાંગીર બી. કીરાની અને સન્સ પારસી બજાર ફોર્ટ મુંબઈ
(૪) ડી. લખમીદાસ કંપની, પારસી બઝાર, ફોર્ટ, મુંબઇ
(૫) વશનજી પરમાણંદની કુ૦ કાલબાદેવી રોડ, મુંબાઈ
(૬) મહંમદ અયુબ, બુકસેલર, ઇબ્રાહીમ, ગાંન્ટરોડ, મુંબઈ
(૭) નીઝામીયા બુક ડેપો, ત્રણ દરવાજા, અમદાવાદ
(૮) જીવનલાલ અમરશી મહેતા, પીરમ શાહરોડ, અમદાવાદ
(૯) કરસનદાસ નારણદાસ. બુકસેલર, નાણાવટ, સુરત
(૧૦) એમ. એસ. કાઝી, મહાબત મદ્રસા, જુનાગઢ
(૧૧) જી. એ. શેખ. મરચન્ટ અને કમીશન એજન્ટ, ૮૮ રોબીનસન રોડ, સીંગાપુર
(૧૨) જી. એ. શેખ, ઓલપાડ, જીલ્લે સુરત.

☞ અમારી તરફથી ટુંક મુદતમાં મિરાતે મહંમદી (ગુજરાતનો ઇતિહાસ—ઉર્દુ)માં છપાશે.

જી. એ. શેખ.
કેડેલરોડ, માહીમ
મુંબઇ.